શ્રીશિવમહિમ્નઃ સ્તોત્રમ્

પ્રકાશક - ભારતીય વિદ્યા મંડળ - સૂરત.

श्री पुष्पदन्तप्रणीतम्

।। श्री शिवमहिम्नः स्वागम ।।

० संपादक ०

શ્રી રસિકલાલ અ. પરીખ (એમ. એ.)

મૂલ્ય : ૨-૦૦

० પ્રકાશક ०

ભારતીય વિદ્યા મંડળ, સુરત.

સુરત જનરલ હોસ્પીટલ સામે,

બાલાજી રોડ, સુરત.

* પ્રસ્તાવના *

ભારતીય વિદ્યા મંડળ, સૂરત તરફથી સંસ્કૃત ભાષા તથા ભારતીય સંસ્કૃતિનો પ્રચાર ૧૯૬૪ થી કરવામાં આવે છે. ઉપરોક્ત મંડળે સુબોધ સંસ્કૃત વ્યાકરણના ચાર ભાગો ગુજરાતીમાં, અંગ્રેજીમાં ત્રણ ભાગો અને એક ભાગ હિંદીમાં પ્રકાશિત કર્યો છે **ભારતીય સંસ્કૃતિના** પ્રચાર માટે સુબોધ રામાયણનો પ્રથમ ભાગ રંગીન ચિત્રો સહિત ગુજરાતી ભાષામાં ગયે વર્ષે પ્રકાશિત કર્યો છે અને તેનો બીજો ભાગ છપાઇ રહ્યો છે અને તે જૂન ૧૯૮૪માં પ્રકાશિત થઈ જશે. તે પ્રમાણે આગામી વર્ષોમાં મહાભારત ત્રણ ભાગોમાં, ભાગવત બે ભાગોમાં અને સંપૂર્ણ ગીતા ત્રણ ભાગોમાં રંગીન ચિત્રો સહિત ગુજરાતી ભાષામાં પ્રકાશિત કરવામાં આવશે. ઉપરોક્ત પુસ્તકો સામાન્ય જનતાને તથા બાળકોને ઘણો જ ઉપયોગી થઇ પડશે સ્તવનમાલિકાનો પ્રથમ ભાગ મંડળે પ્રકાશિત કર્યો છે, તેના બીજા ભાગો પણ પ્રકાશિત કરવામાં આવશે. આ વર્ષે આ શિવમહિમાઃ સ્તોત્રમ્ ગુજરાતી લિપિમાં સંપૂર્ણ અનુવાદ સહિત પ્રકાશિત કર્યો છે. તે પ્રમાણે વિષ્ણુ સહસ્ર નામ, રામરક્ષા સ્તોત્તમ્ વિસ્તૃત ટીકાઓ સહિત પ્રકાશિત કરવામાં આવશે. આ રીતે મંડળ સંસ્કૃત ભાષાનો તથા ભારતીય સંસ્કૃતિનો પ્રચાર દિન પ્રતિદિન કરી રહ્યું છે. **મંડળ તરફથી સુબોધ સંસ્કૃત પરીક્ષાઓ તથા ભારતીય સંસ્કૃતિની પરીક્ષાઓ** વર્ષમાં બેવાર લેવાય છે.

આ હૃદયંગમ શિવમહિમાઃસ્તોત્ર પુસ્તકાકારે એકલિંગજી મહાદેવજીની યાત્રા પ્રસંગે જનતા સમક્ષ રજૂ કરતાં અમને ઘણોજ આનંદ થાય છે. આ પુસ્તકમાં સ્તોત્રના દરેક શબ્દનો અર્થ સ્પષ્ટ રીતે સમજ પડે અને તેનો ભાવ પણ સારી રીતે આત્મસાત્ થઈ શકે તે રીતે આ પુસ્તકની રચના કરવામાં આવી છે. આ શિવમહિમ્નઃ સ્તોત્રનો પાઠ કરવાથી મનુષ્યના કલેશો અને સંકટો દૂર થાય છે અને ચિરંતન શાંતિ પ્રાપ્ત થાય છે. શિવશંકર ભોળાનાથ છે. જલ્દીથી પ્રસન્ન થાય છે. એમની ભક્તિ કરવાનું કોને ન ગમે ? અમને આશા છે કે શિવમહિમ્નઃ સ્તોત્રનો જનતા તરફથી સારો આવકાર મળશે —પ્રકાશક

શિવમહિમ્નઃ સ્તોત્ર રચનાની પૂર્વકથા

દેવદરબારમાં ગાયનવાદનનું કામ કરનારાઓને ગન્ધર્વ કહે છે. તેઓ દેવતાઓ કરતાં પણ વધારે વિલાસપ્રિય છે હોય છે. તેઓમાંના એક 'પુષ્પદંત' નામનો ગંધર્વ હતો. તે શશિશેખર મહાદેવજીનો પ્રિય ભક્ત હતો. પોતાની સ્વાભાવિક વિલાસિતા અને શિવભક્તિને કારણે તેમને ફક્ત પુષ્પોનો શોખ નહીં પરંતુ પુષ્પોની અધિક આવશ્યકતા પણ હતી. એક સમય પુષ્પોની શોધ માટે તેઓ પૃથ્વી પર આવી ચઢયો અને એક અહીંના એક રાજાના બગીચામાંથી જાનામાના ફૂલો લઈને ચાલ્યો ગયો ત્યાર પછી દરરોજ ફૂલો ચુપચૂપ લઈ જવાનો એનો કાર્યક્રમ બની ગયો. રાજાએ નિષ્ણાત ગુપ્તચરોને ચોરને શોધી કાઢવા માટે રોકયા મોટા ઈનામોની જાહેરાત કરી, પરંતુ બધી જાહેરાતો વ્યર્થ ગઈ કારણ કે પરોક્ષપ્રિય ગંધર્વ દેવતાઓ પાસે અદૃશ્ય થવાની કલા હસ્તગત હોય છે. આ ગન્ધર્વ આ અદૃશ્ય વિદ્યાનો ઉપયોગ કરતો હતો. તે વિદ્યાને કારણે તેને કોઈ પકડી શકતું નહીં. રાજાએ વિદ્વાનોને બોલાવ્યા અને એમની સાથે ફૂલોના ચોરને શોધી કાઢવા માટે ચર્ચા વિચારણા કરી. વિચારણાને અંતે નક્કી કર્યું કે 'શિવલિંગ પર ચઢેલા બિલ્વપત્રાદિ ફૂલોના છોડોની આસપાસ વિખેરવા અને એના પર ચોરનો પગ પડવાથી એની અદૃશ્ય થવાની કળા નષ્ટ થઈ જશે અને ચોરને પકડી શકાશે' રાજાએ પોતાના બાગમાં એ શિવનિર્માલ્ય વિખેરાવ્યા. બીજે દિવસે પુષ્પદેવ ફૂલો લેવા માટે તે બગીચામાં વહેલી સવારે આવ્યો અને પુષ્પચયનની ધૂનમાં એના પગ શિવનિર્માલ્ય પર પડવાથી એની અદૃશ્ય વિદ્યા નષ્ટ થઈ ગઈ. જ્યારે એને માલૂમ પડયું કે મેં શંકરનો અપરાધ કર્યો છે તેથી

મારી વિદ્યા નષ્ટ થઈ ગઈ છે અને હું પકડાઈ જઈશ. ભગવાન શંકરનો અપરાધ કરવાથી મારી આ દશા થઈ છે તો મારે ભગવાન શંકરને પ્રસન્ન કરવાના રહ્યા, આશુતોષ શંભુને સંતુષ્ટ કરવા માટે તે સમયે 'શિવમહિમ્નઃ સ્તોત્ર'ની રચના કરી. આ સ્તોત્રનું ગાન કરવાથી ભોળેનાથ ખુશ થઈ ગયા અને એને પોતાની વિદ્યા પાછી આપી. આવૃત્તાન્તનો સૂક્ષ્મ ઉલ્લેખ આ સ્તોત્રના ૩૮માં શ્લોકમાં થયો છે. ત્યારથી આ સ્તોત્ર અનેક ભકતોને મુશ્કેલીમાંથી ઉગાર્યા છે અને એનો પાઠ કરવાથી મનુષ્ય અનેક સંકટોમાંથી ઉગરી જાય છે. આ સ્તોત્રનો અગિયાર વખત પાઠ કરવાથી રુદ્રાભિષેકનું ફળ મળે છે એટલે એક રુદ્રીનું ફળ મળે છે. આ સ્તોત્ર અમોઘ છે એટલે પુષ્પદન્તની માફક દયાળુ શંકર બધા પર જલ્દીથી પ્રસન્ન થઈ જાય છે. તેથી સર્વ ભાઈ બહેનોએ આ સ્તોત્રનો પાઠ દરરોજ કરવો અથવા કરાવવો જોઈએ અને એનો પ્રચાર ખૂબ કરવો જોઈએ.

પ્રકાશક :
ભારતીય વિદ્યા મંડળ, સુરત.

મુદ્રક : શ્રી શંકર પ્રીન્ટીંગ પ્રેસ, ચૌટાપુલ, સુરત.

શ્રી શિવમાનસપૂજા

શ્રી શંકર ભગવાનની કોઈપણ સ્તુતિ કરતાં પહેલાં આ શ્રી શિવમાનસપૂજા સ્તોત્રનો પાઠ કરવો આવશ્યક છે. આ પાંચ શ્લોકોમાં ભગવાન શિવજીની માનસ સેવાની ભાવના છે. પ્રત્યેક માનવ પાસે ભગવાનની સેવા માટે સર્વ સામગ્રી હોઈ ન શકે તો પછી એક અકિંચન ભક્ત પણ માત્ર માનસ ભાવથી ભગવાનનાં ચરણોમાં અને સેવામાં સર્વોત્તમ સામગ્રી અર્પી શકે છે. ભગવાન ભાવના ભૂખ્યા છે, અને દયાળુ છે કારણ કે ભગવાનને હૃદયપૂર્વક અર્પણ કરેલી કોઈપણ સામગ્રીનો સ્વીકાર કરે છે, અને ભક્ત પર હંમેશાં કૃપા કરે છે.

॥ ૧ ॥

રત્નૈઃ કલ્પિતમાસનં હિમજલૈઃ સ્નાનં ચ દિવ્યાંબરમ્
નાનારત્નવિભૂષિતં મૃગમદામોદાંકિત ચન્દનમ્ ।
જાતીચંપકબિલ્વપત્રરચિતં પુષ્પં ચ ધૂપં તથા
દીપં દેવ દયાનિધે પશુપતે હૃત્કલ્પિતં ગૃહ્યતામ્ ॥

હે મહાદેવ ! આપને બિરાજવા માટે અણમોલ રત્ન જડિત સિંહાસન પધરાવ્યું છે, સ્નાન કરવા માટે શીતલ જળ પણ

તૈયાર રાખ્યું છે, શરીર પર ધારણ કરવા માટે દિવ્ય વસ્ત્રો પણ ચઢરાવ્યા છે. દયાસિંધુ! વિવિધ રત્નોના સુંદર આભૂષણો શણગાર માટે પાત્રમાં મૂકયાં છે, કસ્તૂરી, કેશર અને અન્ય સુગંધિત દ્રવ્યોથી સુવાસિત કરેલો ચંદનનો લેપ તૈયાર રાખ્યો છે, હે પશુપતે! ચંપો, ચમેલી, મોગરો વગેરે પુષ્પોની માળાઓ, બીલીપત્ર, અષ્ટ ગંધવાળો ધૂપ, ઘીના દીવાઓ વડે આપની પૂજા કરવા માટે તૈયાર રાખ્યા છે. હે નાથ! હૃદયના વિશુદ્ધ ભાવથી આ સર્વ સામગ્રી સિદ્ધ કરી છે, તેનો વિના વિલંબે સ્વીકાર કરો.

॥ ૨ ॥

સૌવર્ણે નવરત્નખંડરચિતે પાત્રે ઘૃતં પાયસમ્
ભક્ષ્યં પંચવિધં પયોદધિયુતં રંભાફલં પાનકમ્ ।
શાકાનામયુતં જલં રુચિકરં કર્પૂરખંડોજ્જ્વલમ્
તાંબુલં મનસા મયા વિરચિતં ભક્ત્યા પ્રભો સ્વીકુરુ ॥

હે અન્નપૂર્ણાના નાથ! શંભો! આપને આરોગવા માટે વિવિધ પ્રકારના સામગ્રીઓ તૈયાર કરાવી છે. હે પ્રભો! નવ પ્રકારના રત્ન જડિત નવ પાત્રોમાં નવધા ભક્તિ ભાવે નૈવેદ્ય ધરાવ્યા છે. દૂધ, દહીં, ઘી, દૂધપાક, ખીર વગેરે ભરીને મૂકયાં છે. પાંચ પ્રકારના પકવાનથી પાત્રો ભરેલાં છે. કેળાં, કેરી વગેરે મીઠાં ફળોના રસથી ભરેલા કટોરા પણ છે. અનેક પ્રકારનાં શાકભાજીથી ભરેલી છાબડીઓ છે. શીતલ–સુગંધી જળથી ભરેલા જળ કુંભો તૈયાર છે, કર્પૂરના ફૂલવાળાં સુગંધી પાન આપના મુખવાસ માટે પાનદાનમાં મૂકયાં છે. હે પ્રભો! સાચા મનથી, અનન્ય ભક્તિભાવે સિદ્ધ કરેલી સામગ્રી આપ સ્વીકારો.

॥ ૩ ॥

છત્રં ચામરયોર્યુગં વ્યજનકં ચાદર્શકં નિર્મલમ્
વીણાભેરીમૃદંગકાહલકલા ગીતં ચ નૃત્યં તથા ।
સાષ્ટાંગં પ્રણતિઃ સ્તુતિર્બહુવિધા હ્યેતત્સમસ્તં મયા
સંકલ્પેન સમર્પિતં તવ વિભો પૂજાં ગૃહાણ પ્રભો ॥

હે પ્રભો ! આપ તો સર્વ વ્યાપક છો. (વિભો). તેથી આ સંકલ્પસામગ્રીમાં મસ્તક પર ધારણ કરવા માટેનું છત્ર બનાવ્યું છે. શ્રેષ્ઠ ચમરી ગાયના પુચ્છનાં પંખો નાંખવા માટે ચામરો બનાવ્યા છે, આકાશરૂપી ઉજ્જવળ દર્પણ છે. વીણા, ભેરી, મૃદંગ, કરતાલ અને મંજીરાના મધુર ધ્વનિના સુમેળ સાથે સંગીત અને નૃત્ય પણ કરી રહ્યાં છે. અનેક પ્રકારે ભાવપૂર્વક આપની સ્તુતિ કરી રહ્યો છું. આપને સાષ્ટાંગ પ્રણામ કરું છું. હે કૃપાનાથ ! કૃપા કરી આપ બધું સ્વીકારો.

॥ ૪ ॥

આત્મા ત્વં ગિરિજા મતિઃ સહચરાઃ પ્રાણાઃ શરીરં ગૃહમ્
પૂજા તે વિષયોપભોગરચના નિદ્રા સમાધિસ્થિતિઃ ।
સંચારઃ પદયોઃ પ્રદક્ષિણવિધિઃ સ્તોત્રાણિ સર્વા ગિરો
યદ્યત્કર્મ કરોમિ તત્તદખિલં શંભો તવારાધનમ્ ॥

હે શંકર પ્રભો ! આપ જ આત્મસ્વરૂપ છો, સન્મતિ એ જ ઉમાદેવી છે, પ્રાણો આપના સેવક છે. આપે આપેલું શરીર તે દેવાલય છે, શરીર નિર્વાહ માટે જે ખાન, પાન, ભોજન વગેરે કરું છું તે આપની સેવા અર્થે છે, નિદ્રા સમાધિ સ્થિતિ

છે, દિવસભર પગથી ચાલી રહ્યો છું તે આપની પ્રદક્ષિણા છે. જે કંઈ બોલું છું તે આપના ગુણગાન છે. જે કંઈ કર્મ કરું છું તે આપની સેવા અર્થે છે.

॥ ૫ ॥

કરચરણકૃતં વાક્કાયજં કર્મજં વા
શ્રવણનયનજં વા માનસં વાપરાધમ્ ॥
વિહિતમવિહિતં વા સર્વમેતત્ક્ષમસ્વ
જય જય કરુણાબ્ધે શ્રી મહાદેવ શંભો ॥

હે શંભો ! હાથથી, પગથી, વાણીથી, શરીરથી, કાનથી, આંખથી કે મન-બુદ્ધિથી જાણે અજાણે થયેલા અપરાધો થયા હોય, થતા હોય કે ભવિષ્યમાં થવાના હોય તે સર્વને ક્ષમા કરજો. વળી આપની સેવા થઈ હોય કે ન થઈ હોય તે સર્વ માની લેજો. કરુણાસાગર હે ભગવાન શંકર ! આપનો હંમેશાં જય થાઓ.

અથ ધ્યાનમ્ :—

વન્દે દેવમુમાપતિં સુરગુરું વન્દે જગત્કારણમ્
વન્દે પન્નગભૂષણં મૃગધરં વન્દે પશુનાં પતિમ્ ।
વન્દે સૂર્યશશાઙ્કવહ્નિનયનં વન્દે મુકુન્દપ્રિયં
વન્દે ભક્તજનાશ્રયં ચ વરદં વન્દે શિવં શઙ્કરમ્ ॥

ઉમાના પતિ તથા દેવોના ગુરુ શંકરને નમસ્કાર, જગતના કારણરૂપ શંકરને નમસ્કાર, જેનું ભૂષણ સર્પ છે તથા મૃગચર્મ

ધારણ કર્યું છે એવા પ્રાણીમાત્રના સ્વામી શ્રી શંકરને નમસ્કાર, સૂર્ય, ચંદ્ર અને અગ્નિ એમ જેના ત્રણ નેત્રો છે. જેને વિષ્ણુ પ્રિય છે, ભકતજનોને આશ્રય આપનારા, વરદાન આપનારા, સેવા કલ્યાણ કરનારા શંકરને નમસ્કાર.

શાન્તં પદ્માસનસ્થં શશધરમુકુટં પંચવકત્રં ત્રિનેત્રમ્
શૂલં વજ્રં ચ ખડગં પરશુમભયદં દક્ષિણાઙ્ગે વહન્તમ્।
નાગ પાશં ચઘણ્ટાં ડમરુકસહિતમાઙકુશાં વામભાગે
નાનાલંકારદીપ્તં સ્ફટિકમણિનિભં પાર્વતીશં નમામિ।

શાંત, પદ્માસનમાં સ્થિર રહેનારા, ચંદ્ર જેનું મુકુટ છે, પાંચ મુખવાળા, ત્રણ નેત્રવાળા, જમણી બાજુ શૂળ વજ્ર, તલવાર, પરશુ, અભયને આપનારા, ડાબી બાજુ સર્પ, પાશ, ઘંટા, ડમરુ, અંકુશને ધારણ કરનારા, અનેક પ્રકારના આભૂષણોથી સુશોભિત, સ્ફટિકમણિ સમાન કાંતિવાળા, પાર્વતીના પતિ શંકરને નમસ્કાર.

।। અથ શ્રી શિવમહિમ્નઃ સ્તોત્રમ્ ।।

ગજાનનં ભૂતગણાધિસેવિતં
કપિત્થ જમ્બ્વુફલચારુભક્ષણમ્ ।
ઉમાસુતં શોકવિનાશકારકં નમામિ
વિઘ્નેશ્વરપાદપંકજમ્ ।।

હાથીના મુખ સમાન મુખવાળા, ભૂતગણોથી સેવાયલા, કોઠા અને જાંબુના ફળોને આનંદથી ભક્ષણ કરનારા ઉમાના પુત્ર, શોકને નાશ કરનાર તથા વિઘ્નોને દૂર કરનારા એવા શ્રી ગણેશના ચરણ કમળને નમસ્કાર.

॥ ૧ ॥

મહિમ્નઃ પારં તે પરમવિદુષો યદ્યસદૃશી
સ્તુતિર્બ્રહ્માદીનામપિ તદવસન્નાસ્ત્વયિ ગિરઃ ।
અથાવાચ્યઃ સર્વઃ સ્વમતિપરિણામાવધિગૃણન્
મમાપ્યેષઃ સ્તોત્રે હર નિરપવાદઃ પરિકરઃ ।।

[હર]=અજ્ઞાન-પાપ-તાપને દૂર કરનારા હે શિવજી [તે]=તારી (નિર્ગુણ, નિરાકાર, નિર્માયિક) [મહિમ્નઃ]=મહિમાને [પરમ]=અંતિમ, [પારમ]=અવધિ સુધી અર્થાત્ પૂર્ણ રૂપથી, [અવિદુષઃ]=અજ્ઞાની માણસો આપની, [સ્તુતિ]=સ્તુતિ, [યદિ]=જો, [અસદૃશી]=આપના સ્વરૂપને યોગ્ય નથી અર્થાત્ જેવી જોઈએ તેવી થઈ

શકી નથી, [તદ્]=ત્યારે તો, [બ્રહ્માદીનામ્]=બ્રહ્માદિ દેવોની, [અપિ]=પણ, [ગિર]=વાણી (સ્તુતિ), [ત્વયિ]=આપને માટે, [અવસન્ના]=અયોગ્ય જ છે. [અથ]=અને જો કદાચિત્, [સર્વ]=બધા કોઈ [સ્વમતિ પરિણામાવધિ]=પોત પોતાની બુદ્ધિ શકિતને અનુરૂપ, [ગૃણન્], સ્તુતિ કરવા છતાં, [અનવદ્ય]=નિર્દોષ છે (ત્યારે તો) [મમ અપિ]=મારો પણ, [સ્તોત્રે એષઃ]=સ્તુતિ કરવામાં આ (સ્તોત્ર) [પરિકર નિરપવાદઃ]=પ્રયત્ન નિર્દોષ છે. (નિંદનીય નથી)

॥ ૨ ॥

अतीतः पंथानं तव च महिमा वाङ्मनसयोः
अतद्व्यावृत्त्या यं चकितमभिधत्ते श्रुतिरपि।
स कस्य स्तोतव्यः कतिविधगुणः कस्य विषयः
पदे त्वर्वाचीने पतति न मनः कस्य न वचः ॥

(હે હર) [તવ મહિમા ચ] આપનો મહિમા તો, [વાઙ્મનસયોઃ પન્થાનમ્ અતીતઃ]= (વેદો અને સરસ્વતીની) વાણી અને (યોગીઓના) મનની પેલે પાર છે, [શ્રુતિરપિ અતદ્વ્યાવૃત્ત્યા]= વેદો પણ અલેહ ભાવે (ભાગત્યાગ લક્ષણાદિ દ્વારા આપની મહિમાનું) [ચકિતમ્ અભિધત્તે]=(વર્ણન કરવામાં ભૂલ ન થાય તે માટે) આશ્ચર્ય પામીને વર્ણન કરે છે. [સઃ કસ્ય સ્તોતવ્યઃ]= તે (સગુણ યા નિરાકાર પરમેશ્વરની) કોણ યથાર્થ સ્તુતિ કરી શકે ? (કારણ કે) [કતિવિધગુણ]=તે પરમેશ્વર કેટલા બધા (અનન્ત) પ્રકારના ગુણોવાળા છે, (મનુષ્યનું મન બુદ્ધિ અને વાણી અનન્તનું ગાન કરી શકતી નથી.) [કસ્ય વિષયઃ]=કોઈ

શબ્દ=અથવા અન્તઃકરણની વૃત્તિનો વિષય નથી (એને પામી શકતા નથી) [અર્વાચીને પદે તુ]=(ભક્તાધીન ભોલેનાથ આપના) નવા (પરમ રમણીય) સગુણસાકાર સ્વરૂપમાં તો, [કસ્ય મનઃ ન પતતિ]=કોનું મન રમતું નથી? (અને કોની) [વચઃ ન]= વાણી તન્મય થતી નથી? અર્થાત્ આપના રમણીય સ્વરૂપમાં તન્મય થઈ જાય છે.

॥ ૩ ॥

મધુસ્ફીતા વાચઃ પરમમમૃતં નિર્મિતવત—
સ્તવ બ્રહ્મન્ કિં વાગપિ સુરગુરોર્વિસ્મયપદમ્ ।
મમ ત્વેતાં વાણીં ગુણકથનપુણ્યેન ભવતઃ
પુનામીત્યર્થેઽસ્મિન્ પુરમથન બુદ્ધિર્વ્યવસિતા ॥

[બ્રહ્મન્]=હે બ્રહ્મસ્વરૂપ શિવજી, [મધુસ્ફીતા]= મધથી મિશ્રિત અર્થાત્ સંસારના સમસ્ત મધુર પદાર્થોથી પણ અત્યન્ત મધુર, [પરમમ્ અમૃતમ્] = હંમેશાં નિર્દોષ અને અમૃતમય, [વાચઃ નિર્મિતવતઃ] વેદવાણીને (નિઃશ્વાસરૂપથી) નિર્માણ કરનારા, [તવ સુરગુરોઃ અપિ] = (સર્વજ્ઞ, સર્વશક્તિમાન અંતર્યામી) આપનો દેવગુરુ (બૃહસ્પતિ)ની પણ, [વાક્ કિમ્]=વાણી (સ્તુતિ) શું, [વિસ્મયપદમ્] = આશ્ચર્યમાં પાડનારી થઈ શકે છે? અર્થાત્ નહીં, [તુ પુરમથન]=છતાં પણ હે ત્રિપુરાસુરનો ઉદ્ધાર કરનાર હે શિવજી! [મમ એતામ્ વાણીમ્]=મારી આ (અશુદ્ધ) વાણીને, [ભવતઃ ગુણકથન પુણ્યેન]= ગુણગાન કરવાથી ઉત્પન્ન થયેલા પુણ્ય દ્વારા, [પુનામિ]=પવિત્ર કરું, [અસ્મિન્ અર્થે]=

આ (સ્તુતિરૂપ) કાર્યમાં, [બુદ્ધિ વ્યવસિતા]=મારી બુદ્ધિ તત્પર થઈ છે.

॥ ૪ ॥

ત્રયી વસ્તુ વ્યસ્તં તિસૃષુ ગુણભિન્નાસુ તનુષુ ।
અભવ્યાનામસ્મિન્વરદ રમણીયામરમણીમ્
વિહંતું વ્યાકોશીં વિદધત ઇહૈકે જડધિયઃ ॥

[વરદ]=હે શંભો ! વરદાન આપીને બધાને નિહાલ કરનારા, [જગદુદય રક્ષા પ્રલયકૃત્]=જગતનો ઉદય (સર્જન) પાલન અને પ્રલય કરનારા, [ત્રયી વસ્તુ]=ઋક્, [યજુ] સામ આદિ ત્રણે વેદોમાં (જેનું વાસ્તવિકરૂપે પ્રતિપાદન કરે છે) તથા [ગુણભિન્નાસુ]= સત્ત્વ, રજસ્, તમોગુણ ભેદથી ભિન્ન, [તિસૃષુ તનુષુ વ્યસ્તમ્]= (બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ વગેરે) ત્રણે શરીર મૂર્તિઓમાં વહેંચાયેલા, [યત્ ઈહ તત્]=જે અહીં (બ્રહ્માણ્ડમાં) પ્રસિદ્ધ, [તવ ઐશ્વર્યમ્]=આપનું ઐશ્વર્ય (મહાત્મ્ય) છે, [વિહન્તુમ્]= તેનું ખંડન કરવા માટે, [એકે જડધિયઃ]=કેટલાક જડ બુદ્ધિવાળા (નાસ્તિક લોગ) [અભવ્યાનામ્ રમણીયામ્ અરમણીમ્]= કુબુદ્ધિવાળાઓને સુંદર લાગે છે તે (સાચી રીતે) અહિતકર છે, [અસ્મિન્]=આપના ઐશ્વર્યના વિષયમાં (આ લોકો) [વ્યાકોશીમ્ વિદધતે]=માત્ર અર્થહીન પ્રલાપો-બકવાસ કરે છે.

॥ ૫ ॥

કિમિહઃ કિં કાયઃ સ ખલુ કિમુપાયસ્ત્રિભુવનમ્
કિમાધારો ધાતા સૃજતિ કિમુપાદાન ઇતિ ચ।
અતર્કૈશ્ચર્યે ત્વય્યનવસરદુઃસ્થો હતધિયઃ
કુતર્કોઽયં કાંશ્ચિન્મુખરયતિ મોહાય જગતઃ ॥

(ત્રિભુવનના નિર્માણ કરવાના સમયે) | સઃ ધાતા કિમાધાર]= તે ત્રિભુવન નિર્માતા બ્રહ્મા કોના આશ્રયથી, [કિમિહઃ કિં કાયઃ કિમુપાયઃ]=કઈ ઇચ્છાથી–કોને માટે, કયા શરીર વડે કયા સાધનો વડે અને [કિમુપાયઃ]=કયા પદાર્થો વડે, [ત્રિભુવનમ્ સૃજતિ]= ત્રણે લોકને સૃજન કરે છે, [ઇતિ અયમ્ કુતર્કઃ]=આ રીતનો આ કુતર્ક (અયોગ્ય વિચાર) [અતર્કૈશ્ચર્યે ત્વયિ]=જેનો મહિમા તર્કનો વિષય બની શકતો નથી, [ત્વયિ અનવસરદુઃસ્થઃ]=આપના સંબંધમાં અવકાશ પ્રાપ્ત કરી શકયા નથી દલીલોનો અંત નથી, [જગતઃ મોહાય]=જગતને અજ્ઞાન અને ભ્રમમાં રાખવા માટે, [કાંશ્ચિત્ હતધિયઃ] કેટલાક બુદ્ધિહીન જનો, [મુખરતિ]= બકવાસ કર્યા કરે છે.

॥ ૬ ॥

અજન્માનો લોકાઃ કિમવયવવન્તોઽપિ જગતા—
મધિષ્ઠાતારં કિં ભવવિધિરનાદત્ય ભવતિ ।
અનીશો વા કુર્યાદ્ ભુવનજનને કઃ પરિકરો
યતો મંદાસ્ત્વાં પ્રત્યમરવર સંશેરત ઇમે ॥

[અમરવરઃ]=દેવતાઓમાં શ્રેષ્ઠ હે મહાદેવજી! [ઇમે લોકાઃ]=આ પૃથ્વી આદિ અથવા અવલોકન માટેના પદાર્થો, [અવયવન્તઃ અપિ કિમ્]=સાવયવ (ભાગવાળા નાશવંત) હોવા છતાં શું, [અજન્માનઃ]=જન્મ રહિત હોય શકે? કારણ કે જે પદાર્થ અવયવવાળા હોય છે તે બધાની ઉત્પત્તિ, સ્થિતિ અને અને નાશ થાય છે, [કિમ્ ભવવિધિઃ]=શું જગતના જન્મ આદિ કાર્ય, [જગતામ્ અધિષ્ઠાતારમ્ ભવતિ]=ભૂ આદિ ચૌદ ભુવનોના કર્તા વિના જ થઈ શકે? (કર્તા વિના કોઈ કાર્ય થઈ શકે નહીં) [વા અનીશઃ કુર્યાત્]=જો ઈશ્વરથી ભિન્ન અથવા સામર્થ્ય-હીન જીવ જ (જગતનો) કર્તા હોઈ શકે (તો) [ભુવનજનને કઃ પરિકરઃ] = ભૂ આદિ ભુવનોને ઉત્પન્ન કરવામાં કઈ સાધન સામગ્રી છે? (અર્થાત્ જીવ પાસે સાધન સામગ્રી ન હોવાને કારણે કર્તા થઈ શકે નહીં, [યતઃ મન્દાઃ]= તેથી તે મંદ બુદ્ધિવાળા છે તેઓ [ત્વામ્ પ્રતિ સંશેરતે]=આપના વિષયમાં સંશયાત્મા બની રહે છે.

॥ ૭ ॥

ત્રયી સાંખ્યં યોગઃ પશુપતિમતં વૈષ્ણવમિતિ
પ્રભિન્ને પ્રસ્થાને પરમિદમદઃ પથ્યમિતિ ચ।
રુચીનાં વૈચિત્ર્યાદૃ ઋજુકુટિલનાનાપથજુષાં
નૃણામેકો ગમ્યસ્ત્વમસિ પયસામર્ણવ ઇવ ॥

[ત્રયી સાંખ્યમ્ યોગઃ પશુપતિમતમ્ વૈષ્ણવમ્ ઇતિ]=ત્રણે વેદો, સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર, પાશુપતશાસ્ત્ર (શૈવમત) વગેરે (સન્ત્રિહા-

નંદ સાગર પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ માટે સાક્ષાત્ અથવા પરમ્પરા મારફત), [પ્રભિન્ને પ્રસ્થાને]=ભિન્ન ભિન્ન માર્ગો અથવા મતમતાન્તરોમાંથી [ઈદમ પરમ્]=આ (અમારો મત), દૂર હોવા છતાં (ક્લિષ્ટ તેમજ સાક્ષાત્ મોક્ષ આપનારો હોવાથી શ્રેષ્ઠ છે) [અદઃ પથ્યમ્] બીજાનો માર્ગ હિતકર અથવા સરલ હોવા છતાં પરંપરાથી મોક્ષદાયક છે તેથી તે શ્રેષ્ઠ નથી, [ઈતિ રુચીનામ્ વૈચિત્ર્યાદ્]=આ પ્રમાણે રુચિઓ ભિન્ન ભિન્ન હોવાથી [ઋજુકુટિલ નાનાપથજુષામ્]=પોતપોતાની રુચિ અનુસાર વાંકા ચૂંકા સીધા અનેક માર્ગોના અનુયાયી,[નૃણામ્ પયસામ્]=આમ મનુષ્યોના ખાડા ટેકરાવાળા માર્ગોથી પ્રવાહિત થતા જળમાર્ગને, [અર્ણવઃ ઈવ]=સમુદ્ર સમાન, [ત્વમ્ એકઃ ગમ્યઃ અસિ]=આપ જ પ્રાપ્ત કરવા યોગ્ય છે. જેમ રીતે કોઈ પણ નદીનું પાણી સમુદ્રમાં જાય છે. તેવી રીતે કોઈ પણ સંપ્રદાયવાળો જિજ્ઞાસુજન આપને જ (શિવને) પ્રાપ્ત થાય છે.

॥ ૮ ॥

મહોક્ષઃ ખટ્વાઙ્ગં પરશુરજિનં ભસ્મફણિનઃ
કપાલં ચેતીયત્તવ વરદ તન્ત્રોપકરણમ્ ।
સુરાસ્તાં તામૃદ્ધિં દધતિ તુ ભવદ્ભ્રૂપ્રણિહિતાં
નહિ સ્વાત્મારામં વિષયમૃગતૃષ્ણા ભ્રમયતિ ॥

[વરદઃ]=ઉત્તમોત્તમ પદાર્થોને આપનારા હે શંકર ! [મહોક્ષઃ ખટ્વાઙ્ગમ્]=ધરડો બળદ, ખાટલાનો પાયો, [પરશુઃ અજિનમ્]=કોદાળી, વ્યાઘ્ર યા મૃગચર્મનો ટુકડો છે. (શરીર પર ચોળવા

માટે) [ભસ્મ કૃણિનઃ]=કોઈ ભાગ્યશાળીના દેહની રાખ, શણગાર= માટે થોડા સર્પો; [ચ કપાલમ્ ઈતિ]=અને કોઈ બ્રહ્મવેત્તાના શિરની ખોપરી છે. [ઈતિ ઈયત્ તવ તન્ત્રોપકરણમ્]= ઉપરોક્ત આટલા આપના ગૃહવ્યવહાર ચલાવવા માટેની સામગ્રી અને સંપત્તિ છે. (આના પરથી લાગે છે આશુતોષ શિવજી દરિદ્ર છે) પરંતુ નહીં, એ થવું શકય નથી કારણ કે [સુરાઃ]=સુકર્મ કરનારા સુકૃતિજન તથા ઈન્દ્રાદિ દેવતા, [તામ્ તામ્ ઋદ્ધિમ્]= તેને અવર્ણનીય અને અલૌકિક સમૃદ્ધિને, [ભવદ્ભૂપ્રણિહિતામ્]= આપના કૃપાકટાક્ષથી પ્રાપ્ત કરીને [દધતિ]=સ્વતંત્ર રૂપથી ઉપભોગ કરે છે [તુ હિ]= આપ અનોખા દાતા હોવાને કારણે પોતાને માટે થોડી પણ સામગ્રી રાખતા નથી તોપણ જ્યારે [સ્વાત્મારામમ્ વિષયમૃગતૃષ્ણા] = હંમેશાં પોતાના સ્વરૂપભૂત આત્મામાં રમણ કરનારા જીવને ભોગ્ય પદાર્થોથી પ્રાપ્ત થનારી વિષયોની મૃગતૃષ્ણા [ન ભ્રમયતિ]=ભ્રમમાં ભુલાવીને પોતાની તરફ આકર્ષિત કરી શકતી નથી, તો પછી આત્મસ્વરૂપ શિવને કયાંથી ભ્રમિત કરી શકે ?

॥ ૯ ॥

ધ્રુવં કશ્ચિત્સર્વં સકલમપરસ્ત્વધ્રુવમિદમ્
પરો ધ્રૌવ્યા ધ્રૌવ્યે જગતિ ગદતિ વ્યસ્તવિષયે ।
સમસ્તેઽપ્યેતસ્મિન્ પુરમથન તૈર્વિસ્મિત ઇવ
સ્તુવન્ જિહ્રેમિ ત્વાં ન ખલુ નનુ ધૃષ્ટા મુખરતા ॥

[પુરમથન=] હે ત્રિપુરારે, [કશ્ચિત્] =કોઈ એક સત્કાર્યવાદી સાંખ્યમતાનુયાયી, [ઈદમ્ સર્વમ્] = આ સ્થૂળસૂક્ષ્માદિ સર્વ પદાર્થ સમુદાય [ધ્રુવમ્]=નિત્ય-નાશરહિત છે આ રીતે [જદતિ]= સ્પષ્ટ સ્વરથી ઊંચેથી કહે છે. [અપરઃ સકલમ્ અધ્રુવમ્] = બીજા કોઈ બૌધાદિ માતાનુસારી સારા બ્રહ્માણ્ડને અનિત્ય-નાશવાન્, અસત્-શૂન્ય કહે છે, [તુ પરઃ]= અન્ય કોઈ ન્યાય વૈશેષિકાદિ-મતાવલંબી, [ક્વોન્યા ક્વોન્યે જગતિ વ્યસ્તવિષયે] = નિત્યત્વ તથા અનિત્યત્વનો વિષય ત્રિશ્વના પદાર્થોમાં વ્યાપ્ત છે. અર્થાત્ સાવયવ પદાર્થ સ્થૂલરુપથી અનિત્ય તથા પરમાણુ આદિ નિરવયવ સૂક્ષ્મ પદાર્થ નિત્ય છે-એમ માને છે. [એતસ્મિન્ સમસ્ત વિસ્મિતઃ ઈત્ર] = આ બધા મતવાદોને કારણે વિસ્મિત થઈને [અપિ તૈઃ] = પણ તે મતમતાંતરો દ્વારા, [ત્વામ્ સ્તુવન્]= આપની સ્તુતિ કરતાં હું [ન બિહ્રેમિ] = શરમાતો નથી. [નનુ મુખરતા] = ખરેખર વાચલતા, [ખલુ ધૃષ્ટા]= જ બકવાસ સમાન છે અર્થાત્ આપની સ્તુતિ કરવામાં ઉચિત-અનુચિતને ધ્યાનમાં રાખ્યા વિના જે કંઈ મનમાં આવે છે તેમ બડબડાટ કરું છું.

॥ ૧૦ ॥

તવૈશ્વર્યં યત્નાદ્યદુપરિ વિરિંચિ-ર્હરિરધઃ
પરિચ્છેત્તું યાતાવનલમનલસ્કંધવપુષઃ
તતો ભક્તિશ્રદ્ધાભરગુરુણદ્રુહ્યાં ગિરિશ યત્
સ્વયં તસ્થે તાભ્યાં તવ કિમનુવૃત્તિર્ન ફલતિ ॥

[હે ગિરિશ]= હિમાલયની ગોદમાં સમાધિસ્થ શંકર [અનલ-સ્કન્ધવપુષઃ]= અગ્નિરૂપ સ્તંભ સમાન જ્યોતિર્મય આકૃતિધારી, [તવ યત્ ઐશ્વર્યમ્]= આપ (ઈશ્વર)ના લિંગાકાર સ્વરૂપ છે, (તેનું) [પરિચ્છેતુમ]= માપ કાઢવા માટે, [વિરિંચ-ચઃ ઉપરિ]= બ્રહ્મા ઉપરના ભાગમાં (અને) [હરિઃ અધઃ યત્નાત્ યાતૌ]= ભક્ત ભયહારી ભગવાન્ વિષ્ણુ નીચેના ભાગ તરફ પૂર્ણ પ્રયત્ન પૂર્વક ગયા, પરંતુ [અનલમ્ તતઃ]= પાર પામી ન શકયા ત્યારે, [ભકિતશ્રદ્ધાભરગુરુગૃણદ્ભ્યામ્]= ભકિત અને શ્રદ્ધાના ભારથી નમ્ર થઈને ખૂબ સ્તુતિ કરતાં, [તાભ્યાં તસ્થે]= તેઓ બંને આપના જ્યોતિર્લિંગ સમક્ષ શરણાગત ભાવથી શાંતિથી ઊભા રહ્યા, (અર્થાત્ આપના શુદ્ધ સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવ્યો) [તવ અનુવૃત્તિઃ કિમ્ ન ફલતિ]= શ્રદ્ધા ભકિતપૂર્વકનું કરેલું અનુ-વર્તન–શરણાગતાદિ રૂપ અનુશરણ શું ફળ આપતું નથી ? અર્થાત્ આપની સેવાથી આ લોક પરલોક અને મોક્ષ વગેરે મનોવાંચ્છિત ફળ સહજ મળી શકે છે.

॥ ૧૧ ॥

અયત્નાદાપાદ્ય ત્રિભુવનમવૈરવ્યતિકરમ્
દશાસ્યો યદ્ બાહૂનભૃત રણકંડૂપરવશાન્ ।
શિરઃપદ્મશ્રેણીરચિતચરણામ્ભોરુહબલેઃ
સ્થિરાયાસ્તત્વદ્ ભક્તેસ્ત્રિપુરહર વિસ્ફૂર્જિતમિદમ્ ॥

[ત્રિપુરહર]= હે સ્થૂલ, સૂક્ષ્મ, કારણ આ ત્રણે નગરો (શરીરો) ને હરી લેનારા અથવા ત્રણે શરીરોમાં આસકત જીવ-

ભાવ રૂપ ત્રિપુરાસુરનો સંહાર કરનારા કૃપાળુ શંકર [યત્ દશાસ્યઃ ત્રિભુવનમ્]= જે દશમુખવાળા રાવણ ભૂ ભુવઃ સ્વઃ એ ત્રણે લોકોને, [અયત્નાદ્ અવૈરવ્યતિકરમ્ આપાદ્ય]= વિશેષ પરિશ્રમ કર્યા વગર વેરભાવ રહિત અર્થાત્ નિષ્કંટક, પ્રાપ્ત કરીને અર્થાત્ (રાવણની સામે યુદ્ધ કરવા માટે ત્રિલોકમાં કોઈ તૈયાર ન થયું તે કારણે [રણકણ્ડૂપરવશાન્ બાહૂન્ અભૃત]= યુદ્ધ કરવા માટેની ચળ જેમાં બરાબર લાગેલી રહે છે એવા વીસ ભુજાઓ સાથે સ્વરછન્દ રીતે ફર્યો કરતો હતો, [ઈદમ્ શિરઃ પદ્મશ્રેણી રચિતચરણામ્ભોરુહબલેઃ] = આ બધા આપના ચરણ કમળોની પૂજા માટે પોતાના મસ્તકરુપ કમળોની માળાઓ બનાવીને સાદર સમર્પણ કર્યા છે જેમાં [સ્થિરાયાઃ ત્વદ્ભક્તેઃ વિસ્ફુર્જિતમ્]= રાવણ દ્વારા આચરેલી સ્થાયી ભક્તિના પ્રતાપનું આ સ્ફુરણ છે. (રાવણે શિવની કૃપાથી મહત્તા પ્રાપ્ત કરી અને સત્તા ના મદમાં ઉપકારને ભૂલીને શિવની સામે લડવા માટે તૈયાર થઈ ગયો. સ્વર્ગ, મૃત્યુ, પાતાળમાં લડવા માટે કોઈપણ સ્થાન મળ્યું નહીં. જેનાથી મહાન બન્યા હોય તેમની સામે થવાનું આ ફળ મળે છે.

॥ ૧૨ ॥

અમુષ્ય ત્વત્સેવાસમધિગતસારં ભુજવનમ્
બલાત્ કૈલાસેઽપિ ત્વદધિવસતૌ વિક્રમયતઃ ।
અલભ્યા પાતાલેઽપ્યલસચલિતાંગુષ્ઠશિરસિ
પ્રતિષ્ઠા ત્વય્યાસીદ્ધ્રુવમુપચિતો મુહ્યતિ ખલઃ ॥

[ત્વદધિવસતૌ કૈલાસે અપિ]=આપના નિવાસસ્થાન કૈલાસ પર્વત પર જ, [ત્વત્સેવાસમધિગતસારમ્]=આપની સેવા (કૃપા)થીજ, પ્રાપ્ત થઈ છે શકિત, જેવી રીતે, [ભુજવનમ્ બલાત્ વિક્રમયતઃ]= ભુજાઓના વનને અર્થાત્ બાહુબલને ઘમંડપૂર્વક બતાવનાર [અમુષ્ય ત્વયિ અલસચલિતાઙ્ગુષ્ઠશિરસિ]=ને રાવણની દશા કેવી થઈ ? આપના પાદાંગુષ્ઠનો અગ્રભાગ જરા હાલવાથી અને તેનાથી કૈલાસ પર્વત જરા દબાયો એટલામાં તેને [પાતાલે અપિ પ્રતિષ્ઠા]= પાતાલમાં પણ રહેવાનું [અલભ્યા અસીત્]=નહીં મળ્યું ; અને તે રાવણ ઠેઠ નીચે સરકતો ગયો. [ધ્રુવમ્ બલૈઃ ઉપચિતઃ મુહ્યતિ=] અરેખર અવશ્ય દુષ્ટ પુરુષ ઉન્નતિને પ્રાપ્ત કરીને મોહમાં પડી જાય છે અને ઉન્નતિના અભિમાનમાં ઉપકારને ભૂલી ગયો છે.

॥ ૧૩ ॥

યદૃદ્ધિં સુત્રામ્ણો વરદ પરમોચ્ચૈરપિ સતી-
મધશ્ચક્રે બાણઃ પરિજનવિધેયત્રિભુવનઃ ।
ન તચ્ચિત્રં તસ્મિન્વરિવસિતરિ ત્વચ્ચરણયો-
ર્ન કસ્યા ઉન્નત્યૈ ભવતિ શિરસસ્ત્વય્યવનતિઃ

[વરદ]=વિના માંગે પણ અનધિકારીને પણ બંને હાથથી વરદાન આપનારા ભોલે બાબા ! [યદૃ પરિજન વિધેય ત્રિભુવનઃ]= જો કે ત્રિલોકી ઈન્દ્રને પણ આજ્ઞાકારી સેવક બનાવનાર બહાદુર [બાણઃ પરમૌચ્ચૈઃ સતીમ્ અપિ]=બાણાસુરને બધાથી ઉચ્ચ પદવી પ્રાપ્ત થઈ છતાં [સુત્રામ્ણઃ ઋદ્ધિમ્] = ત્રિલોકીના રાજા ઈન્દ્રની સંપત્તિને [અધઃ ચક્રે]=નીચી કરીને, [તત્ ત્વચ્ચરણયોઃ]=

તે આપના ચરણોમાં [વશિષ્વિતરિ]=સેવા ભાવથી રહેનારા [તસ્મિન્ ન ચિત્રમ્]=તે બાણાસુરને માટે કોઈ આશ્ચર્યની વાત નથી, કારણ કે [ત્વયિ શિરસઃ અવનતિ]=આપની સામે મસ્તકને નમાવ્યું, [કસ્યૈ ઉન્નત્યૈ ન ભવતિ] = કઈ ઉન્નતિ માટે થઈ શકતું નથી ? અર્થાત્ સર્વ પ્રકારની ઉન્નતિ માટે થઈ શકે છે

॥ ૧૪ ॥

અકાંણ્ડબ્રહ્માણ્ડક્ષયચકિતદેવાસુરકૃપા -
વિધેયસ્યાસીદ્યસ્ત્રિનયન વિષં સંહૃતવતઃ ।
સ કલ્માષઃ કણ્ઠે તવ ન કુરુતે ન શ્રિયમહો
વિકારોઽપિ શ્લાઘ્યો ભુવનભયભંગવ્યસનિનઃ ॥

[ત્રિનયન]=ત્રિનેત્ર ! [અકાંડ બ્રહ્માંડ ક્ષય ચકિત દેવાસુર કૃપા વિધેયસ્ય] = મહાસાગરના મંથન સમયે વિષ ઉત્પન્ન થવાથી અખિલ વિશ્વનો નાશ થશે એવા ભયથી દેવો અને અસુરો પર કૃપા કરીને [વિષમ્ સંહૃતવતઃ]=કાળકૂટ વિષને આચમન કરીને પાન કર્યું હોવાથી [તવ કંઠે કલ્માષ] = આપના કંઠ પર જે ડાઘ દેખાય છે. [સઃ શ્રિયમ્ ન કુરુતે]=તે શું આપના ગળાની શોભાને નથી વધારતો ? પરંતુ એ નીલકંઠ શોભા વધારી રહ્યો છે. [અહો ભુવનભયભઙ્ગવ્યસનિનઃ]=ત્રણે ભુવનના ભયને નાશ કરવાનો આપનો વ્યવસાય છે તે [વિકારઃ અપિશ્લાઘ્યઃ]=(નીલકંઠ) વિકાર પણ પ્રશંસનીય સમજી શકાય છે, નિંદનીય નહીં.

॥ ૧૫ ॥

અસિદ્ધાર્થા નૈવ ક્વચિદપિ સદેવાસુરનરે
નિવર્તન્તે નિત્યં જગતિ જયિનો યસ્ય વિશિખાઃ ।

સ પશ્યન્નીશ ત્વામિતરસુરસાધારણમભૂ-
ત્સ્મરઃ સ્મર્તવ્યાત્મા ન હિ વશિષુ પથ્યઃ પરિભવ ॥

[હે ઈશ]=કર્તુમ્, અકર્તુમ્, અન્યથાકર્તું સમર્થ સર્વેશ્વર, [યસ્ય વિશિખાઃ સદેવા સુરનરે]=જે (કામદેવ)ના તીક્ષ્ણ બાણો દેવ, દાનવ અને માનવથી ખીચોખીચ ભરેલા જગતમાં [ક્વચિદ્ અપિ નિત્યમ્ અસિદ્ધાર્થાઃ]=કોઈ પણ રીતે હંમેશાં પોતાનું કાર્ય સિદ્ધ કર્યા વિના પાછા ફરતાં નથી [સઃ એષ સ્મરઃ]=તેજ (દેવ, દાનવ અને માનવ આદિ સંસારના બધા પ્રાણિઓ પર પોતાના તીક્ષ્ણ બાણોથી હંમેશાં વિજય પ્રાપ્ત કરનાર) કામદેવ [ત્વામ્ ઈતર સુરસાધારણમ્] = અન્ય દેવતાઓના સમાન સામાન્ય દેવ (પશ્યન્) સમજીને અર્થાત્ આપને મામૂલી દેવતા સમજીને આપના પર કામબાણો દ્વારા વિજય પ્રાપ્ત કરવામાં આપની સમાધિમાં વિઘ્ન કરતા, [સ્મર્તવ્યાત્મા અભૂત્]=આપના ત્રીજા નેત્રમાંથી નીકળેલા જ્ઞાનાગ્નિદ્વારા ભસ્મ થઈ ગયો, [હિ વશિષુ]= કારણ કે પોતાનું શરીર, ઇન્દ્રિયો, પ્રાણ આદિ વશમાં રાખનારાઓનો [પરિભવઃ પથ્યઃ ન]=અનાદર કલ્યાણકારક હોતો નથી.

॥ ૧૬ ॥

મહીં પાદાઘાતાદ્ વ્રજતિ સહસા સંશયપદમ્
પદં વિષ્ણોર્ભ્રામ્યદ્ભુજપરિઘરુગ્ણગ્રહગણમ્ ।
મુહુર્દ્યૌર્દૌસ્થ્યં યાત્યનિભૃતજટાતાડિતતટા
જગદ્રક્ષાયૈ ત્વં નટસિ નનુ વામૈવ વિભુતા ॥

(હે નટરાજ! જ્યારે આપ તાંડવ નૃત્ય કરો છો ત્યારે આપના [પાદાઘાતાદ્ મહીં સહસા]=પગોના ઠપકાથી એમ લાગે છે કે જાણે હમણાં જ પૃથ્વીના ચૂરેચૂરા [સંશયપદમ્ વ્રજતિ]= અહીં થશે કે ઉછળીને આકાશમાં ઉડશે કે પાતાળમાં ધુસી જશે વગેરે સંદેહ અવસ્થાને પ્રાપ્ત થઈને દડાની માફક [વિષ્ણોઃ પદમ્]=વિષ્ણુ ભગવાનના પગ આકાશમાં [ભ્રામ્યદ્ભુજપરિઘરુગ્ણ ગ્રહગણમ્]=નાચતી વખતે ભુજાઓના આઘાતથી ઉપર આકાશમાં આમતેમ ઘૂમતા તારાગ્રહોની દોડાદોડ શરૂ થઈ ગઈ છે, [દ્યૌઃ અનિભૃતજટાતાડિતતટા]=સ્વર્ગ પણ ખુલી પડેલી જટાનો ઝટકો કોઈ એક કિનારા પર લાગવાથી, [મુહુઃ દ્રૌસ્થ્યમ્ યાતિ]=વારંવાર પોતાની મૂળ સ્થિતિમાંથી છટકીને અહીંતહીં ઢળી રહ્યું છે, [નનુ ત્વમ્] = ખરેખર આપ દૈત્યોને મોહિત કરીને એમના (ઉપદ્રવોથી [જગદ્રક્ષાયૈ નટસિ]=જગતની રક્ષા માટે નૃત્ય કરો છો, [વિભુતા વામા એવ]=વૈભવ (મહત્ત્વ) વિપરીત પરિણામ લાવે છે. અર્થાત્ વૈભવશાળીઓનો ખેલ ગરીબોને માટે દુઃખનું કારણ બને છે.

॥ ૧૭ ॥

વિયદ્વ્યાપી તારાગણગુણિતફેનોદ્ગમરુચિઃ
પ્રવાહો વારાં યઃ પૃષતલઘુદૃષ્ટઃ શિરસિ તે ।
જગદ્દ્વીપાકારં જલધિવલયં તેન કૃતમિ-
ત્યનેનૈવોન્નેયં ધૃતમહિમ દિવ્યં તવ વપુઃ ॥

(આ શ્લોકમાં ગંગાવતરણ દ્વારા શંકરની વિભુતાનું વર્ણન છે) [વિયદ્વ્યાપી તારાગણગુણિતફેનોદ્ગમરુચિઃ] = સમસ્ત આકાશને વ્યાપ્ત કરનાર (અને) પ્રતિબિંબિત તારા નક્ષત્રોના સમૂહથી અત્યંત પાણીના બિંદુઓ ઉજ્જવલ લાગતા, [વારામ્ પ્રવાહઃ]=જળનો પ્રવાહ છે, તે [તે શિરસિ પૃષતલઘુદૃષ્ટઃ] આપના મસ્તક પર જળકણ સમાન દેખાયો (જ્યારે ભગીરથ રાજાની પ્રાર્થનાથી આપે જટા છૂટી કરી ને જળબિંદુને નીચે વિખેરી દીધું [તેન જગદ્ જળધિવલયમ્]=તે બિંદુને ધોધમાર જળપ્રવાહ બનીને જગત (પૃથ્વી) ને સમુદ્રરૂપ ગોળાકાર વલય દ્વારા ચારે બાજુ ઘેરીને, [દ્વીપાકારમ્, કૃતમ્]=ઓટ સમાન બનાવીને, [અનેન તવ વપુઃ દિવ્યમ્]= આનાથી આપનું શરીર અલૌકિક, તેથી કરીને, [ધૃતમહિમ] = મહિમાને (વિભુતા) ધારણ કરનારા છે, [ઇતિ ઉન્નેયમ્]=આ પ્રમાણે અનુમાન કરવું જોઈએ. અર્થાત્ આપના દિવ્યાદિક બધા કલ્યાણગુણ અનંત છે.

॥ ૧૮ ॥

રથઃ ક્ષોણી યન્તા શતધૃતિરગેન્દ્રો ધનુરથો
રથાંગે ચન્દ્રાર્કૌ રથચરણપાણિઃ શર ઇતિ ।
દિધક્ષોસ્તે કોડયં ત્રિપુરતૃણમાડમ્બરવિધિઃ-
વિધેયૈઃ ક્રીડન્ત્યો ન ખલુ પરતન્ત્રાઃ પ્રભુધિયઃ ॥

[ક્ષોણી રથઃ]=પૃથ્વીને રથ, [શતધૃતિઃ યન્તા]=બ્રહ્માને સારથિ, [અગેન્દ્રઃ ધનુઃ]=સુમેરૂ પર્વને ધનુષ, [ચન્દ્રાર્કૌ રથાઙ્ગે]=ચંદ્ર સૂર્યને રથના પૈંડા, [અથો રથચરણપાણિઃ શરઃ]=અને ચક્રપાણિ

વિષ્ણુ ભગવાનને બાણ (બનાવીને) [ત્રિપુરતૃણમ્ દિધક્ષોઃ તે]= ત્રિપુરાસુર રૂપી તૃણને બાળવાની ઇચ્છાથી આપને, [ઈતિ અયમ્ આડમ્બર વિધિઃ ક]=આ પ્રમાણે આટલા ભારી આ આડંબર રચવાની શું આવશ્યકતા હતી? કંઈ નહીં. જેણે કામદેવને સંકલ્પ માત્રથી ભસ્મ કરી નાખ્યો ત્યારે ત્રિપુરાસુરને મારવા આટલો મોટો આડંબર કેમ રચ્યો? માત્ર લીલા ખાતર, [ખલુ વિધિષૈઃ ક્રીડન્ત્યઃ પ્રભુધિયઃ પરતન્ત્રાઃ ન]=બરેબર તો એ છે કે પોતાના રમકડાંઓથી ક્રીડા કરતો પ્રભાવશાલિઓની બુદ્ધિઓ પરાધીન હોતી નથી, પરંતુ સર્વથા સ્વતંત્ર છે.

॥ ૧૯ ॥

હરિસ્તે સાહસ્રં કમલબલિમાધાય પદયો
ર્યદેકોને તસ્મિન્નિજમુદહરન્નેત્રકમલમ્ ।
ગતો ભક્ત્યુદ્રેકઃ પરિણતિમસૌ ચક્રવપુષા
ત્રયાણાં રક્ષાયૈ ત્રિપુરહર જાગર્તિ જગતામ્ ॥

શિવભક્તિની મહિમા અનોખી છે કે ભક્તિ એક જ પુરુષ કરે છે પરંતુ તેનું ફલ આખા સંસારને મળે છે. આ રહસ્ય આ શ્લોકમાં ઉદાહરણ દ્વારા મળે છે.

[હે ત્રિપુરહર] હે ત્રિપુરારે, [હરિઃ તે ચરણયોઃ સાહસ્રમ્]= ભગવાન્ વિષ્ણુ આપના ચરણોમાં એક હજાર, [કમલબલિમ્ આધાય]=કમલ પુષ્પોની ભેટ ચઢાવવાનો નિયમ લઈને પૂજા કરે છે. (એક દિન) [તસ્મિન્ એકોને યદ્]=તે કમળોમાંથી એક ઓછો હોવાને કારણે જે, [નિજમ્ નેત્રકમલમ્ ઉદહરત્]=

તેમણે પોતાના નેત્રકમલને હાથથી ઉખાડીને નિયત સંખ્યાની પૂર્તિ કરવા માટે આપના ચરણોમાં ચઢાવ્યા [અસાં ભક્ત્યુદ્રેકઃ]= તે ભક્તિના આવેગથી તે, [ચક્રવપુષા પરિણતિમ્ ગતઃ]= સુદર્શન ચક્રરૂપમાં ફેરવાઈ ગયા અને, [ત્રયાણામ્ જગતામ્ રક્ષાયૈ જાગર્તિ]=ત્રણે લોકોના રક્ષા કરવા માટે આજ સાવધાન છો. (તાત્પર્ય એ છે કે વિષ્ણુની તીવ્ર ભક્તિથી શિવજીએ વિષ્ણુને સુદર્શન ભેટમાં આપ્યું તે આખા જગતની રક્ષા કરે છે.)

॥ ૨૦ ॥

ક્રતૌ સુપ્તે જાગ્રત્ત્વમસિ ફલયોગે ક્રતુમતાં
ક્વ કર્મ પ્રધ્વસ્તં ફલતિ પુરુષારાધનમૃતે ।
અતસ્ત્વાં સંપ્રેક્ષ્ય ક્રતુષુ ફલદાનપ્રતિભુવં
શ્રુતૌ શ્રદ્ધાં બધ્વા દૃઢપરિકરઃ કર્મસુ જનઃ ॥

[ક્રતુમતામ્ ક્રતૌ]=યજ્ઞયાગાદિ કર્મ કરનારાં સુકૃતિજનોની ક્રિયારૂપ યજ્ઞાદિ, [સુપ્તૌ ફલયોગે]= સમાપ્ત થાય ત્યારે ફલ આપવા માટે [ત્વમ્ જાગ્રત અસિ]=આપ જાગતા રહીને સાવધાન રહો છો. અર્થાત્ યજ્ઞાદિ કર્મનું ફળ નિયમિતરૂપે યથાયોગ્ય અવસર પર બરાબર મળતું રહે છે. યજ્ઞાદિ કર્મોથી અદૃષ્ટ પુણ્યરૂપ ફળ મળે છે તો શિવજીની શું જરૂરત છે?–એવું કહેવું યોગ્ય નથી કારણ કે [કર્મ પ્રધ્વસ્તમ્]=કર્મ તો નષ્ટ થઈ ગયું અને એમાંથી ઉત્પન્ન થયેલું અદૃષ્ટ જડ છે, તે [પુરુષારાધનમ્ ઋતે ક્વ ફલતિ]=ચેતન પુરુષ (શિવ)ની આરાધના વિના કોઈ જગ્યાએ ફળ મળી શકે એમ છે? નહીં [અતઃ

ત્વમ્ કૃતુષુ]=આ કારણે આપને કર્મોના, [ફલદાન પ્રતિભુવમ્ સંપ્રેક્ષ્ય જનઃ]=ફળ આપવામાં સમજી વિચારીને અધિકારી જન [શ્રુતૌ શ્રદ્ધામ્ બધ્વા]=વેદ અને વેદાનુસારી શાસ્ત્રમાં, વિશ્વાસને દૃઢ બનાવીને, [કર્મસુ દૃઢ પરિકરઃ]=કર્મો કરતા રહેવામાં દૃઢતા સહિત તત્પર રહેવું. આગળના શ્લોકમાં શ્રદ્ધારહિત કરેલાં યજ્ઞાદિ કર્મોનું વિપરીત ફળ નીચે પ્રમાણે બતાવે છે.

॥ ૨૧ ॥

ક્રિયાદક્ષો દક્ષઃ કૃતુપતિરધીશસ્તનુભૃતા-
મૃષીણામાર્ત્વિજ્યં શરણદ સદસ્યાઃ સુરગણાઃ ।
કૃતુભ્રંશસ્ત્વત્તઃ કૃતુફલવિધાનવ્યસનિનો
ધ્રુવં કર્તુઃ શ્રદ્ધાવિધુરમભિચારાય હિ મખાઃ ॥

[હે શરણદઃ]=ભૂત, પ્રેત, સર્પાદિ વગેરે અનધિકારીઓને પણ શરણમાં લેનારા ભોલેભંડારી ! [ક્રિયાદક્ષઃ તનુભૃતામ્ અધીશ દક્ષઃ કૃતુપતિઃ] યજ્ઞાદિ ક્રિયાઓમાં નિપુણ દેહધારી પ્રજાના પતિ દક્ષપ્રજાપતિ, યજ્ઞ કરાવનારા યજમાન, [ઋષીણામ્ આર્ત્વિજ્યમ્]= ત્રિકાળદર્શી ભૃગુ આદિ ઋષિઓ, ઋત્વિક આદિ ક્રિયા કરનારાઓ હતા. [સુરગણા સદસ્યાઃ] = બ્રહ્મા, વિષ્ણુ, ઇન્દ્ર આદિ દેવગણ આસ આમંત્રિત દર્શક હતા, [કૃતુફલવિધાનવ્યસનિનઃ]=યજ્ઞાદિ કર્મફળ આપવામાં હોંશિયાર, [ત્વત્તઃ કૃતુભ્રંશઃ] = એવા આપ દ્વારા દક્ષયજ્ઞનો વિનાશ થયો. એમ કેમ ? [ધ્રુવમ્ કર્તુઃ શ્રદ્ધા વિધુરમ્]=અવશ્ય એવું તો ન થવું જોઈએ ? પરંતુ હા. યજ્ઞ કર્તાની શ્રદ્ધા વિરુદ્ધ [મખાઃ અભિચારાય હિ] = કરેલા યજ્ઞો

વિપરીત ફળદાયક હોય છે. અર્થાત્ દક્ષની પાસે યજ્ઞની બધી સામગ્રી વિદ્યમાન હતી, કેવળ શિવ શ્રદ્ધાનો અભાવ હતો તેને કારણે દક્ષને યજ્ઞનું વિપરીત ફળ મળ્યું.

મર્યાદાદ્રોહી ચાહે બ્રહ્મા હોય તો પણ તેને ઉચિત સજા શિવજીના શાસનમાં મળે છે.

॥ ૨૨ ॥

પ્રજાનાથં નાથ પ્રસભમભિકં સ્વાં દુહિતરં
ગતં રોહિદ્ભૂતાં રિરમયિષુમૃષ્યસ્ય વપુષા ।
ધનુષ્પાણેર્યાતં દિવમપિ સપત્રાકૃતમમું
ત્રસન્તં તેઽદ્યાપિ ત્યજતિ ન મૃગવ્યાધરભસઃ ॥

[હે નાથ]=દેવ, દાનવ માનવ આદિ બધાના નાકમાં નાથ પહેરાવીને મર્યાદામાં રાખનાર અને સન્માર્ગે ચલાવનાર હે પશુપતે ! [અભિકમ્ પ્રજાનાથમ્]=કામુક (કામદેવના આવેગથી આવિષ્ટ બ્રહ્માજીએ [સ્વામ્ દુહિતરમ્] પોતાની સગી પુત્રી સાથે, [પ્રસભમ્ રિરમયિષુમ્]=બળપૂર્વક રમણ કરવાની ઇચ્છા કરી, પોતાની પુત્રીએ સંકોચ અને શર્મને કારણે [રોહિદ્ભૂતામ્ ઋષ્યસ્ય વપુષા ગતમ્]=મૃગી (હરિણી) બનીને નાસભાગ કરવા લાગી તો બ્રહ્માજી પણ, હરણનું રૂપ ધારણ કરીને મૃગીની પાછળ દોડ્યા. તે નિર્લજ્જ બ્રહ્માને સજા કરવા માટે [તે અપિ ધનુષ્પાણેઃ] = આપે પણ હાથમાં ધનુષ્ય લીધું અને, [મૃગવ્યાધરભસઃ સપત્રાકૃતમ્]=મૃગરૂપધારી બ્રહ્માને લક્ષ્ય કરીને કુશળ શિકારીની જેમ એક અમોઘ બાણ છોડ્યું ! ડરી ગએલી હરણી

મૃગશીર્ષ નક્ષત્ર બનીને આકાશમાં કૂદી ગઈ અને બ્રહ્મા પણ શિકારીનો તારો બનીને [દ્રવમ્ યાતમ્]=આકાશમાં પહોંચી ગયા ! આપનું બાણ પણ આર્દ્રા નક્ષત્ર બનીને બ્રહ્માજીની પાછળ એકદમ લગોલગ જઈ પહોંચ્યું. 'આ છેદી નાખ્યું' આ પ્રમાણે, [ત્રસન્તમ્]=ભયભીત તે બ્રહ્માને, [અદ્ય અપિ ન ત્યજતિ]= આજે પણ છોડતા નથી, એનો પીછો કરી રહ્યો છે.

॥ ૨૩ ॥

સ્વલાવણ્યાશંસા ધૃતધનુષમહ્નાય તૃણવ-
ત્પુરઃ પ્લુષ્ટં દૃષ્ટ્વા પુરમથન પુષ્પાયુધમપિ ।
યદિ સ્ત્રૈણં દેવી યમનિરત દેહાર્ધઘટના-
દવૈતિ ત્વામદ્ધા બત વરદ મુગ્ધા યુવતયઃ ॥

[હે પુરમથન]= હે ત્રિપુરદ્રાહક, [સ્વલાવણ્યાશંસા ધૃત-ધનુષમ્]= (સ્વ સૌન્દર્યજનની જગદમ્બા પાર્વતીજીને) સૌન્દર્ય રૂપ શસ્ત્રથી હું મહાદેવજીને જલ્દીથી જીતી લઈશ આ આશાથી, ધનુષ્ય ઉઠાવ્યું, પરંતુ, [હે યમનિરત પુરઃ તૃણવત્]=ઇંદ્રિયસંયમમાં નિત્યનિરંતર રત રહેનાર હે યોગીશ્વર! તેમને પોતાની સમક્ષ તણખલા સમાન, [અહ્નાય! પ્લુષ્ટમ્ દૃષ્ટ્વા અપિ]= તરત ભસ્મીભૂત થયેલા જોઈને પણ, [વરદ દેહાર્ધઘટનાદ્]= હે વરદાન દાતા પાર્વતી પર કૃપા કરીને અર્ધનારીશ્વરરૂપથી પોતાના દેહના અર્ધ (વામ) ભાગમાં કાયમ બેસાડી રાખીને, [યદિ દેવી ત્વામ્ સ્ત્રૈણમ્ અવૈતિ]= જો દેવી પાર્વતી આપને સ્ત્રીવશવર્તી, [અવૈતિ અદ્ધા]= ખરેખર સમજે, [બત યુવતયઃ મુગ્ધાઃ]=

કારણકે સ્ત્રીઓ ઘણુંકરીને ભોળી અને સમજહીન હોય છે. અસલમાં આપ સ્ત્રેણ નથી, પરંતુ જીતકામ છો.

॥ ૨૪ ॥

શ્મશાનેષ્વાક્રીડા સ્મરહર પિશાચાઃ સહચરા-
શ્ચિતાભસ્માલેપઃ સ્રગપિ નૃકરોટીપરિકરઃ ।
અમંગલ્યં શીલં તવ ભવતુ નામૈવમખિલં
તથાપિ સ્મર્તૃણાં વરદ પરમં મંગલમસિ ॥

[હે સ્મરહર] = હે કામાન્તક !, [શ્મશાનેષુ આક્રીડા] = શ્મશાનોમાં આનંદથી ક્રીડા કરવી તે, [પિશાચાઃ સહચરાઃ] = ભૂતપ્રેતાદિ ક્રીડા કરનારા સાથીઓ, [ચિતાભસ્મ આલેપઃ] = ચિતામાં બળેલા મુડદાઓની રાખ જે શરીરે ચોળવાનો લેપ, [અપિ નૃકરોટી પરિકરઃ] = અને મનુષ્યોની ખોપરીઓથી બનાવેલો, | સ્રગ્ એવમ તવ] = ગળાનો હાર (રુંઢમાળા) આ પ્રમાણે આપની, [અખિલમ્ શીલમ્ અમઙ્ગલ્યમ્] = સારી અમંગળ વસ્તુઓનો ઉપયોગ કરવાનો સ્વભાવ અમંગળજનક, { નામ ભવતુ તથાપિ] = ભલે હો છતાં પણ, [હે વરદ સ્મર્તૃણામ્ પરમમ્ મંગલમ્ અસિ] = હે વાંછિત વરદાન-દાતા, સ્મરણ કરનારાઓ માટે આપ બધા કરતાં મંગળરૂપ જ છો.

॥ ૨૫ ॥

મનઃ પ્રત્યક્ચિત્તે સવિધમવધાયાત્તમરુતો
પ્રહૃષ્યદ્રોમાણઃ પ્રમદસલિલોત્સંગિતદૃશઃ ॥

યદાલોક્યાહ્લાદ હ્રદ ઇવ નિમજ્યામૃતમયે
દધત્યન્તસ્તત્ત્વં કિમપિ યમિનસ્તત્કિલ ભવાન્ ॥

[યમિનઃ સવિધમ્ આત્તમરુતઃ] = યમનિયમાદિ અષ્ટાંગ યોગાનુષ્ઠાનમાં લીન થયેલા યોગીજન યોગશાસ્ત્રમાં વર્ણિત વિધિ અનુસાર, પૂરક કુંભક, રેચકરૂપ બાહ્યાભ્યંતર પ્રાણાયામ દ્વારા પ્રાણવાયુનો નિરોધ કરીને, [અપિ મનઃ પ્રત્યક્ચિત્તે] = અને મનને અંતરાત્મામાં, [અવધાય યત્ કિમ] = એકાગ્ર કરીને જે કોઈક (સચ્ચિદાનંદ પર બ્રહ્મરૂપ) [તત્ત્વમ્ અન્તઃ આલોકય]= તત્ત્વને પોતાની અંદર અવલોકન (અનુભવ) કરીને [પ્રહૃષ્યદ્રોમાણઃ પ્રમદસલિલોત્સઙ્ગિતદૃશઃ ઇવ]=રોમાંચિત થઈને, અને નેત્રોદ્વારા આનન્દાશ્રુના પ્રવાહને પ્રવાહિત કરતા જાણે, [અમૃતમયે હ્રદે નિમજ્ય]=અમૃતરૂપી સરોવરમાં ડૂબીને [આહ્લાદમ્ દધતિ] = પરમાનંદને પ્રાપ્ત કરે છે, [તત્ ખલુ ભવાન્] = તે નિર્ગુણ નિરાકાર બ્રહ્મતત્ત્વ પણ આપ જ છે.

॥ ૨૬ ॥

ત્વમર્કસ્ત્વં સોમસ્ત્વમસિ પવનસ્ત્વં હુતવહ-
સ્ત્વમાપસ્ત્વં વ્યોમ ત્વમુ ધરણિરાત્મા ત્વમિતિચ ।
પરિચ્છિન્નામેવં ત્વયિ પરિણતા બિભ્રતુ ગિરં
ન વિદ્મસ્તત્તત્ત્વં વયમિહ તુ યત્ત્વં ન ભવસિ ।

[ત્વમ્ અર્ક અસિ]=આપ સૂર્ય છો, [ત્વમ્ સોમઃ] = આપ ચન્દ્રમા છો, [ત્વમ્ પવનઃ]=આપ વાયુ છો, [ત્વમ્ હુતવહઃ, ત્વમ્

આપઃ, ત્વમ્ વ્યોમ્ ત્વમ્ ધરણિ, ત્વમ્ આત્મા ચ ઇતિ]= આપ અગ્નિ છો, આપ જલ છો, આપ આકાશ છો, આપ પૃથ્વી છો અને આપ જ આત્મા પણ છો, આ પ્રમાણે આપની અષ્ટમૂર્તિઓનું વર્ણન શાસ્ત્રોમાં મળે છે. [એવમ્ પરિણુતાઃ]= આ આઠ મૂર્તિઓના પ્રતિપાદનમાં દૃઢ આગ્રહ રાખનારા વિદ્વાન્ લોક [ત્વયિ પરિચ્છિનામ્ ગિરમ બિભ્રતુ]=આપના પતિપાદનમાં (સંકુચિત) વાણીને ભલે બોલતા રહે, [તુ વયમ્ ઇહ તત્ તત્ત્વમ્ ન વિદ્મઃ]=પરંતુ અમે તો અહીં તે વસ્તુને નથી જાનતા, [યત્ ત્વમ્ ન ભવસિ]=જે કે આપ નથી. ભાવ એ છે કે દેશ કાળ બધી વસ્તુઓ આપનું સ્વરૂપમાત્ર છે, અસીમ અનન્ત આપના સ્વરૂપમાં પરિચ્છિન્નતાનો સંભવ નથી.

॥ ૨૭ ॥

ત્રયીં તિસ્રો વૃત્તીસ્ત્રિભુવનમથો ત્રીનપિ સુરા-
નકારાદ્યૈર્વર્ણૈસ્ત્રિભિરભિદધત્તીર્ણવિકૃતિ ।
તુરીયં તે ધામ ધ્વનિભિરવરુન્ધાનમણુભિઃ
સમસ્તં વ્યસ્તં ત્વાં શરણદ ગૃણાત્યોમિતિ પદમ્ ॥

[હે શરણદ]=શરણાર્થિમાત્રને ભેદભાવ વિના શરણમાં લેનારા મહાશરણ્ય શિવજી [ઓમ્ ઇતિ પદમ્] = ૐ આ પદ, શબ્દ અથવા નામ [અકારાદ્યૈઃ ત્રિભિઃ વર્ણૈઃ વ્યસ્તમ્] = અકારાદિ (અકાર, ઉકાર, મકાર) ત્રણ અક્ષરોમાં વિભકત કરેલા (પદાર્થ રૂપથી) [ત્રયીમ્ તિસ્રાઃ વૃત્તીઃ] = ઋક્, યજુ સામ આ ત્રણે

વેદોના રૂપમાં, જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ અથવા ઉત્પત્તિ સ્થિતિ લય આ ત્રણે અવસ્થાઓના રૂપમાં, [અથો]=અને સ્થૂળ, સૂક્ષ્મ, કારણ આ ત્રણ શરીર વિશ્વ, તેજસ, પ્રાજ્ઞ આ ત્રણ શરીરાભિમાની વિરાટ, હિરણ્યગર્ભ, ઈશ્વર આ ત્રણે સમષ્ટિ અભિમાની, અધ્યાત્મ, અધિભૂત અધિદૈવ આ સર્વ ત્રિપુટીઓના રૂપમાં, [અપિ ત્વામ્ અભિદધત્]=પણ આપને જ અવયવ શક્તિ દ્વારા વાચ્યાર્થરૂપથી કથન કરું છું, અને [સમસ્તમ્ તીર્ણ વિકૃતિ તુરીયમ્] અખંડ અવિભક્તરૂપી તે ૐ પદસમુદાય વૃત્તિથી, વિકાર રહિત શુદ્ધ, ત્રિપુટિમાંથી ઉપર, [તે ધામ અણુભિઃ ત્વન્નિભિઃ અવરુન્ધાનમ્ ગૃણાતિ] = આપના સ્વરૂપના સૂક્ષ્મ અર્ધમાત્રારૂપ, ત્વન્નિયો દ્વારા લક્ષ્ય કરાવતા કથન કરું છું અર્થાત્ સ્થળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ આદિ જે કંઈ છે તે બધું ૐકારાભિન્ન શિવજ છે.

॥ ૨૮ ॥

ભવઃ શર્વો રુદ્રઃ પશુપતિરથોગ્રઃ સહમહાં
સ્તથા ભીમેશાનાવિતિ યદભિધાનાષ્ટકમિદમ્ ।
અમુષ્મિન્પ્રત્યેકં પ્રવિચરતિ દેવ શ્રુતિરપિ
પ્રિયાયાસ્મૈ ધામ્ને પ્રવિહિતનમસ્યોઽસ્મિ ભવતે ॥

[હે દેવ, ભવઃ શર્વઃ રુદ્રઃ પશુપતિઃ, ઉગ્રઃ, સહમહાન્, અથ]=હે દિવ્યતાના ભંડાર ! ભવ (જગતને પેદા કરનાર) શર્વ (ભક્તોને સુખી કરનારા) રુદ્ર (રાક્ષસોને રડાવનારા) પશુપતિ (પશુ-અજ્ઞાનાદિ દોષોને બાળી નાખનારા તીક્ષ્ણ પ્રચંડ જ્ઞાનાગ્નિ

રૂપ, ઈશ્વરોના ઈશ્વર મહેશ્વર, અથવા દેવોના દેવ મહાદેવ. [તથા ભીમેશાનો ઈતિ]=ભીમ (પાપીઓને માટે ભયંકર) તથા ઈશાન (અપરાધીઓ માટે સમર્થ શાસક) આ પ્રકારે (પાવનોના પાવન) [યદ્ ઈદમ્ અભિધાનષ્ટકમ્]=જે આ (આપના) આઠ નામ છે. [અમુષ્મિન્ પ્રત્યેકમ્ શ્રુતિઃ અપિ પ્રવિચરતિ]=આમાંથી પ્રત્યેક નામની વેદ વગેરે (અપિ શબ્દથી બ્રહ્મા, વિષ્ણુ, ઇન્દ્ર શેષ શારદાદિ દેવગણ અને નારદાદિ ઋષિલોગ) પણ પૂર્ણ શ્રદ્ધાપૂર્વક સ્તુતિ કરે છે. [પ્રિયાય અસ્મૈ ધામ્ને ભવતે]=પરમપ્રિય આ પરમ તેજસ્વી જ્યોતિઃસ્વરૂપ આપ ભગવાન શંકરમાં પણ [પ્રવિહિત-નમસ્યઃ અસ્મિ]=મન, વચન અને કર્મથી સાષ્ટાંગ નમસ્કાર કરું છું.

॥ ૨૯ ॥

નમો નેદિષ્ઠાય પ્રિયદવ દવિષ્ઠાય ચ નમો
નમઃ ક્ષોદિષ્ઠાય સ્મરહર મહિષ્ઠાય ચ નમઃ ।
નમો વર્ષિષ્ઠાય ત્રિનયન યવિષ્ઠાય ચ નમો
નમઃ સર્વસ્મૈ તે તદિદમતિસર્વાય ચ નમઃ ॥

[હે પ્રિયદવ નેદિષ્ઠાય]=હે એકાન્તપ્રિય, સમીપમાં સમીપ અન્તરાત્મ સ્વરૂપ [તે નમઃ ચ]=આપને નમસ્કાર હો અને [દવિષ્ઠાય નમઃ, સ્મરહર ક્ષોદિષ્ઠાય નમઃ ચ]=દૂરથી દૂર આપને નમન હો, હે કામાન્તક! અણોરણીયાન્ (સૂક્ષ્મમાં સૂક્ષ્મ) આપને નમન હો, [મહિષ્ઠાય નમઃ, હે ત્રિનયન વર્ષિષ્ઠાય નમઃ ચ]=મહતો મહીયાન્ આપને, (મહાનમાં મહાન્)નમન, હે ત્ર્યંબક! વૃદ્ધથી વૃદ્ધ કાલાતીત આપને નમન, અને [યવિષ્ઠાય નમઃ]=યુવાનથી

યુવાન, સદા યુવાન આપને નમન, આ પ્રમાણે [સર્વસ્મૈ નમઃ ચ, તદ્દિદમતિસર્વાય નમઃ] =સર્વત્ર આપને નમન અને તે આ પરોક્ષ પ્રત્યક્ષ આદિ સર્વ અવસ્થાઓમાંથી અતીત (પર) અનિર્વચનીય આપને નમન હો, લાખો નમન હો.

॥ ૩૦ ॥

બહલરજસે વિશ્વોત્પત્તૌ ભવાય નમો નમઃ
પ્રબલતમસે તત્સંહારે હરાય નમો નમઃ ।
જનસુખકૃતે સત્ત્વોદ્રિક્તો મૃડાય નમો નમઃ
પ્રમહસિ પદે નિસ્ત્રૈગુણ્યે શિવાય નમો નમઃ ॥

[વિશ્વોત્પત્તૌ બહલરજસે ભવાય નમો નમઃ]=વિશ્વની ઉત્પત્તિ માટે પૂર્ણ રજોગુણી બનીને બ્રહ્મારૂપ આપને વારંવાર વંદન હો, [જનસુખકૃતે સત્ત્વોદ્રિક્તો મૃડાય નમો નમઃ]=સમસ્ત જીવોને સુખી કરવા માટે, પૂર્ણ સત્ત્વગુણી વિશ્વપાલક વિષ્ણુરૂપધારી મૃડ (આપ)ને અનન્તવાર નમસ્કાર. [તત્સંહારે પ્રબલતમસે હરાય નમો નમઃ] =પ્રલયકાળના સમયે વિશ્વનો સંહાર કરવા માટે પ્રબળ તમોગુણી પ્રચંડમૂર્તિ રુદ્રરૂપધારી આપને નમસ્કાર. [પ્રમહસિ પદે નિસ્ત્રૈગુણ્યે શિવાય નમો નમઃ]=અવિદ્યાના લેશથી શૂન્ય પૂર્ણ પ્રકાશ સ્વરૂપ, મોક્ષપદની પ્રાપ્તિ માટે ત્રિગુણાતીત સંસ્કારના પ્રપંચોપશમ શિવ-સ્વરૂપ આપને લાખો નમસ્કાર. હે શિવજી! વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લય આ અવસ્થાઓને કારણે રજોગુણી ભક્ત (બ્રહ્મા) સત્ત્વગુણી મૃડ (વિષ્ણુ) અને તમોગુણી હર (રુદ્ર) એ બધા નામરૂપ આપ જ છો. વસ્તુતઃ આપ જાણે ગુણોથી રહિત નિસ્ત્રૈગુણ્ય છો.

॥ ૩૧ ॥

કૃશપરિણતિચેતઃ ક્લેશવશ્યં ક્વ ચેદમ્
ક્વ ચ તવ ગુણસીમોલ્લંઘિની શશ્વદૃદ્ધિઃ ।
ઇતિ ચકિતમમંદીકૃત્ય માં ભક્તિરાધાદ્
વરદ ચરણયોસ્તે વાક્યપુષ્પોપહારમ્ ॥

[હે વરદ ક્લેશવશ્યમ્ કૃશપરિણતિ] = હે વરદાયક ! પંચક્લેશાધીન સામર્થ્યહીન પંગુ, [ઇદમ્ ચેતઃ ક્વ ચ, ચ ક્વ] = આ મારું ચિત્ત શું યોગ્ય છે? કોઈ પ્રકારે યોગ્ય નથી, પરંતુ અયોગ્ય છે, અને કહીં તો [ગુણસીમોલ્લંઘિની શશ્વદ્] = ત્રણે ગુણોની સીમાથી બહાર ત્રણે કાળોથી પર, [તવ ઋદ્ધિઃ ઇતિ] = આપની અનન્ત અસીમ મહિમા, મારી અયોગ્યતાને કારણે એક શબ્દ પણ આપને માટે કહેવા માટે હું [ચકિતમ્ ભક્તિઃ મામ્ અમન્દીકૃત્ય] = ભયભીત હતો પરંતુ આપના ચરણોમાં ભક્તિને લીધે મને ઉત્સાહિત કરીને યોગ્ય બન્યો છે અને મારા દ્વારા [તે ચરણયોઃ] = આપના ચરણોમાં [વાક્યપુષ્પોપહારમ્ આધાત્] = મહિમ્ન સ્તોત્રના વાક્ય (શ્લોક) રૂપી પુષ્પોની ભેટ ચઢાવાય છે. આ સ્તોત્ર આપની ભક્તિનો પ્રતાપ છે.

॥ ૩૨ ॥

અસિતગિરિસમં સ્યાત્ કજ્જલં સિંધુપાત્રે
સુરતરુવરશાખા લેખની પત્રમુર્વી ।
લિખતિ યદિ ગૃહીત્વા શારદા સર્વકાલમ્
તદપિ તવ ગુણાનામીશ પારં ન યાતિ ॥

[હે સિન્ધુપાત્રે સ્યાત્] = હે મહેશ! આપના દિવ્ય અને કલ્યાણકારણ ગુણોનાં લેખ બદ્ધ કરવા માટે, સમુદ્રને ખડીયો બનાવ્યો, [અસિતગિરિસમં કજ્જલમ્] = કાળા પહાડને સ્યાહી બનાવી, અને [ઉર્વી પત્રમ્] = પૃથ્વીને કાગળ બનાવ્યો [યદિ ગૃહીત્વા શારદા સર્વકાલં લિખતિ] = આ બધી અસંભવિત વસ્તુઓને, સંભવિત બનાવીને પોતે સરસ્વતી દેવી આવું, પીવું બધું છોડીને હંમેશાં અજર, અમરની જેમ લખતી રહે, [તદ્ અપિ તવ ગુણાનામ્ પારમ્ ન યાતિ] = તો પણ આપના ખાસ બાહ્ય ગુણોને પાર પામી શકતી નથી.

॥ ૩૩ ॥

અસુરસુરમુનીંદ્રૈરર્ચિતસ્યેન્દુમૌલે
ર્ગ્રથિતગુણમહિમ્નો નિર્ગુણસ્યેશ્વરસ્ય ।
સકલગણવરિષ્ઠઃ પુષ્પદંતાભિધાનો
રુચિરમલઘુવૃત્તૈઃ સ્તોત્રમેતચ્ચકાર ॥

[અસુરસુરમુનીન્દ્રૈઃ અર્ચિતસ્ય] = રાક્ષસો, દેવો તથા મુનીન્દ્રો દ્વારા પૂજિત, [ઈન્દુમૌલેઃ ગ્રથિતગુણમહિમ્નઃ] = ચંદ્રમૌલીશ્વરના ગુણોની મહિમાથી યુક્ત વાસ્તવમાં તો [નિર્ગુણસ્ય ઈશ્વરસ્ય] = નિર્ગુણ મહાદેવજીના, [એતત્ રુચિરમ્ સ્તોત્રમ્] = આ મનોહારી 'શિવમહિમ્નઃ સ્તોત્ર' નામના સ્તોત્રને [સકલગુણવરિષ્ઠઃ પુષ્પદન્તાભિધાનઃ] = સર્વગન્ધર્વ ગણોમાં શ્રેષ્ઠ, 'પુષ્પદન્ત' નામના ગંધર્વરાજે [અલઘુવૃત્તૈઃ ચકાર] = મોટા (શિખરિણી આદિ) છંદોમાં બનાવ્યો છે. (અહીં શિવમહિમ્નઃ સ્તોત્ર સમાપ્ત થયો અને આગળના શ્લોકો મહાત્મ્યના છે.)

॥ ૩૪ ॥

અહરહરનવદ્યં ધૂર્જટેઃ સ્તોત્રમેતત્
પઠતિ પરમભક્ત્યા શુદ્ધચિત્તઃ પુમાન્યઃ ।
સ ભવતિ શિવલોકે રુદ્રતુલ્યસ્તથાત્ર
પ્રચુરતરધનાયુઃ પુત્રવાન્કીર્તિમાંશ્ચ ॥

[યઃ પુમાન્યઃ શુદ્ધચિત્તઃ પરમભક્ત્યા] = જે મનુષ્ય પવિત્ર ચિત્તથી, પરમભક્તિપૂર્વક [ધૂર્જટેઃ અનવદ્યમ્ એતત્ સ્તોત્રમ્] = શિવજીનો પરમપાવન આ સ્તોત્રનો, [અહઃ અહઃ પઠતિ] = રોજ રોજ રોજ પાઠ કરશે. [સઃ અત્ર પ્રચુરતરધનાયુઃ પુત્રવાન્ ચ કીર્તિમાન્ ભવતિ] = તે આ લોકમાં અધિક ધન ધાન્ય અને આયુષ્યને પ્રાપ્ત કરશે, પુત્રાદિ કુટુંબવાળો, કીર્તિવાળો થશે. [તથા રુદ્રતુલ્યઃ શિવલોકે] = તથા દેહનો ત્યાગ કર્યા પછી શિવસ્વરૂપ બનીને શિવલોક મહિમાને પ્રાપ્ત કરશે.

॥ ૩૫ ॥

દીક્ષા દાનં તપસ્તીર્થં જ્ઞાનં યોગયાગાદિકા ક્રિયાઃ ।
મહિમ્નસ્તવપાઠસ્ય કલાં નાર્હન્તિ ષોડશીમ્ ॥

[દીક્ષા દાનમ્ તપઃ તીર્થમ્] = દીક્ષા લેવી, દાન આપવું, તપ કરવું, તીર્થયાત્રા કરવી; અને [યોગયાગાદિકાઃ ક્રિયાઃ] = યોગ યાગ આદિ સકલ ક્રિયાઓ હે શંકર! આપના; [મહિમ્નઃ સ્તવપાઠસ્ય ષોડશીમ્ કલામ્ ન અર્હન્તિ]=મહિમ્નઃ સ્તોત્રના પાઠની સોળમી કળાને પણ યોગ્ય થઈ શકતી નથી.

॥ ૩૬ ॥

આસમાપ્તમિદં સ્તોત્રં પુણ્યં ગન્ધર્વભાષિતમ્ ।
અનૌપમ્યં મનોહારિ શિવમીશ્વરવર્ણનમ્ ॥

[પુણ્ય ગન્ધર્વભાષિતમ્ અનૌપમ્યમ્] = પવિત્ર, પુષ્પદન્ત-પ્રણીત અનુપમ, [મનોહારિ શિવમ્ ઈશ્વરવર્ણનમ્] = મનોહર, મંગલમય, શિવમહિમા વર્ણનથી પરિપૂર્ણ. [ઇદમ્ સ્તોત્રમ્ આસમાપ્તમ્] આ સ્તોત્ર ૩૩ શ્લોક સુધીમાં સમાપ્ત થઈ ગયેા.

॥ ૩૭ ॥

મહેશાન્નપરો દેવો મહિમ્નો નાપરા સ્તુતિઃ ।
અઘોરાન્નપરો મન્ત્રો નાસ્તિ તત્ત્વં ગુરોઃ પરમ્ ॥

[મહેશાત્ અપર ! દેવઃ ન અસ્તિ] = મહેશ્વરથી શ્રેષ્ઠ બીજા કોઈ દેવ નથી, [મહિમ્નઃ અપરઃ ! સ્તુતિઃ ન] = મહિમ્ન સ્તોત્રથી શ્રેષ્ઠ બીજો કોઈ સ્તોત્ર નથી. [અઘોરાત્ અપરઃ મન્ત્રઃ ન] = અઘોર (પ્રણવ) મંત્રથી શ્રેષ્ઠ બીજો કોઈ મંત્ર નથી, અને [ગુરોઃ પરમ તત્ત્વમ્ ન] = ગુરુથી શ્રેષ્ઠ કોઈ તત્ત્વ નથી.

॥ ૩૮ ॥

કુસુમદશનનામા સર્વગન્ધર્વરાજઃ
શિશુશશધરમૌલેર્દેવદેવસ્ય દાસઃ ।
સ ખલુ નિજમહિમ્નો ભ્રષ્ટ એવાસ્ય રોષાત્
સ્તવનમિદમકાર્ષીદ્ દિવ્યદિવ્યં મહિમ્નઃ ॥

[શિશુશશધરમૌલેર્દેવદેવસ્ય દાસઃ] = જટામુકુટમાં બાલ (દ્વિતીયા) ચંદ્રને ધારણ કરનારા, દેવાધિદેવ મહાદેવજીનો ભક્ત, [કુસુમદશનનામા ગન્ધર્વરાજઃ] = પુષ્પદંત નામનો એક હતો ગંધર્વોનો રાજા, [સઃ અસ્ય રોષાત્] = તે શિવજીના કોપથી, [નિજમહિમ્નઃ ભ્રષ્ટઃ] પોતાની મહિમા (અદશ્ય રહેવાની શક્તિ, તિરોધાન વિદ્યા અર્થાત્ (નજર બંધી) થી, ભ્રષ્ટ થઈ ગયા, પરંતુ તેણે શિવજીને પ્રસન્ન કરવા માટે, [દિવ્યદિવ્યં ઇદમ મહિમ્નઃ સ્તવનમ્] = આ શિવ મહિમાનો સ્તોત્ર [અકાર્ષીત્ એવ ખલુ] = બનાવ્યો અને ભગવાન શંકરની કૃપાથી પોતાની વિદ્યા શક્તિને ફરીથી પ્રાપ્ત કરી, એમ જાણવામાં આવે છે.

॥ ૩૯ ॥

સુરવરમુનિપૂજ્યં સ્વર્ગમોક્ષૈકહેતુમ્
પઠતિ યદિ મનુષ્યઃ પ્રાંજલિર્નાન્યચેતાઃ ।
વ્રજતિ શિવસમીપં કિન્નરૈઃ સ્તૂયમાનઃ
સ્તવનમિદમમોઘં પુષ્પદંતપ્રણીતમ્ ॥

[સુરવરમુનિ પૂજ્યં સ્વર્ગમોક્ષૈકહેતુમ્] = મોટા મોટા દેવો અને મુનિ ગણો જેમાં પૂજ્યભાવ રાખે છે, સ્વર્ગ અને મોક્ષનું મુખ્ય કારણ, [અમોઘમ્ પુષ્પદન્તપ્રણીતમ્ ઇદમ્ સ્તવનમ્] = કદાપિ નિષ્ફળ નહીં જનારુ, પુષ્પદન્ત રચિત, આ સ્તોત્રનો, [મનુષ્યઃ પ્રાંજલિઃ અન્યચેતાઃ ન] = કોઈ પણ મનુષ્ય હાથ જોડીને, શિવથી અન્ય વસ્તુમાં ચિત્ત નહીં રાખીને, [યદિ પઠતિ] = જો પાઠ કરશે તો પ્રારબ્ધના

ભોગ પૂરા થયા પછી, [કિન્નરૈઃ સ્તૂયમાનઃ શિવસમીપમ્ વ્રજતિ] = કિન્નરો દ્વારા સ્તુતિ કરાએલા શિવજીની પાસે પહોંચી જાય છે. કેવળ પાઠ કરવાથી જ શિવસામીપ્યની પ્રાપ્તિ થાય છે તો સમજીને પાઠ કરવાથી મનુષ્ય શિવસ્વરૂપ થઈ જાય છે.

॥ ૪૦ ॥

એકકાલં દ્વિકાલં વા ત્રિકાલં યઃ પઠેન્નરઃ ।
શિવલોકમવાપ્નોતિ શિવેન સહ મોદતે ॥

[યઃ મનુષ્યઃ] = જે મનુષ્ય આ સ્તોત્રનો [ત્રિકાલમ્, દ્વિકાલમ્ વા એકકાલમ્ પઠેત] = ત્રણવાર, બેવાર અથવા એકવાર પણ પાઠ કરશે તો તે, [શિવલોકમ્ અવાપ્નોતિ] = શિવલોકને પ્રાપ્ત કરશે અને [શિવેન સહ મોદતે] = શિવજીની સાથે આનંદ મંગલ કરશે.

॥ ૪૧ ॥

શ્રી પુષ્પદન્તમુખપંકજનિર્ગતેન
સ્તોત્રેણ કિલ્બિષહરેણ હરપ્રિયેણ ।
કંઠસ્થિતેન પઠિતેન સમાહિતેન
સુપ્રીણિતો ભવતિ ભૂતપતિર્મહેશઃ ॥

[શ્રી પુષ્પદંતમુખપદ્મજનિર્ગતેન કિલ્બિષહરેણ] = શ્રી પુષ્પદંતના મુખકમલમાંથી નીકળેલા, કાયિક વાચિક માનસિક આદિ સર્વ પ્રકારના પાપોને હરનારા, [હરપ્રિયેણ સમાહિતેન સ્તોત્રેણ] = ભગવાન શંકરને અધિક બધાથી અધિક પ્રિય

લાગનારા અને સમાનભાવથી બધાનું હિત કરનારા આ સ્તોત્રનો [કંઠસ્થિતેન પઠિતેન] = કંઠ કરીને હરહંમેશ પાઠ કરતા રહેવાથી, [ભૂતપતિઃ મહેશઃ સુપ્રીણિતઃ ભવતિ] = પંચભૂતોના અથવા જડ ચેતન સમુદાયરૂપ વિશ્વના પતિનાથ, શંકર ભગવાન ખુશ ખુશ થઈ જાય છે, અને પાઠ કરનારા ભક્તને જ્ઞાન આપીને કૃતાર્થ બનાવી દે છે.

॥ ૪૨ ॥

ઇત્યેષા વાઙ્મયી પૂજા શ્રીમચ્છંકરપાદયોઃ ।
અર્પિતા તેન દેવેશઃ પ્રીયતાં મે સદાશિવઃ ॥

[ઇતિ એષા વાઙમયી પૂજા તેન] = આ પ્રકારે આ (શિવમહિમ્નઃ સ્તોત્રરૂપ) શબ્દમયી ભેટ, શ્રદ્ધાંજલિ તે (પુષ્પદન્તે) [શ્રીમચ્છઙકરપાદયોઃ અર્પિતા] = શ્રી શંકર ભગવાનના ચરણોમાં સમર્પિત કરી અને એમને સમર્પણ કરવાથી, [દેવેશઃ સદાશિવઃ મે પ્રીયતામ્] = દેવદેવ નિત્યમંગલમય મહાદેવજી એમના પર પ્રસન્ન થઈ ગયા, તેવી રીતે મારા ઉપર પણ પ્રસન્ન થાય.

॥ ૪૩ ॥

તવ તત્ત્વં ન જાનામિ કીદૃશોઽસિ મહેશ્વર ।
યાદૃશોઽસિ મહાદેવ તાદૃશ્યાય નમો નમઃ ॥

[હે મહેશ્વર તવ તત્ત્વમ ન જાનામિ] = હે મહેશ્વર આપના તત્ત્વના તાત્ત્વિક સ્વરૂપને જાણતો નથી કે આપ,

[કીદૃશઃ મહાદેવઃ] = કેવા છો, પરંતુ હા, એટલું તો જરૂર જાણું છું કે આપ સાક્ષાત્ મહાદેવ છો, છતાં [યાદૃશઃ અસિ તાદૃશાય નમોનમઃ] = આપ જેવા છો તેવા આપને મારા વારંવાર નમસ્કાર છે.

॥ ૪૪ ॥

યદક્ષરં પદં ભ્રષ્ટં માત્રાહીનં ચ યદ્ભવેત ।
તત્સર્વં ક્ષમ્યતાં દેવ પ્રસીદ પરમેશ્વર ॥

[હે દેવ યદ્ અક્ષરમ્ ચ પદમ્ ભ્રષ્ટમ્ ભવેત્] = હે દયાળુ પ્રભુ ! પાઠ કરતી વખતે પ્રમાદવશ જે કોઈ અક્ષર અથવા પદ (શબ્દ) નો અશુદ્ધ ઉચ્ચારણ થઈ ગયો હોય, [યદ્ માત્રા હીનમ્ તત્ સર્વં ક્ષમ્યતામ્] = જે કોઈ માત્રા કમી રહી ગઈ હોય અથવા કોઈ જગ્યાએ અક્ષર રહી ગયો હોય, તે બધાને અબોધ બાળક જાણીને ક્ષમા કરજો [હે પરમેશ્વર પ્રસીદ] = હે પ્રભો આપ સદા પ્રસન્ન રહો ! આપની પ્રસન્નતામાં મારી પ્રસન્નતા રહેલી છે.

હરિઃ ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદમ્ પૂર્ણાત્પૂર્ણમુદચ્યતે ।
પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ॥

॥ ૐ શાન્તિઃ । શાન્તિઃ । શાન્તિઃ ॥

સર્વોઽપિ જ્ઞાનમાપ્નોતુ સર્વોઽપ્યજ્ઞાનમન્તતુ ।
સર્વસ્તરતુ સંસારં, સર્વઃ સર્વત્ર નન્દતુ ॥

રસિકલાલ અ. પરીખ રચિત ગ્રંથમાળા
વિઠ્ઠલદાસ હા. ચોકસી ટ્રસ્ટની
સહાયથી પ્રકાશિત

(૧) સુબોધ સંસ્કૃત ભાગ ૧ થી ૪
(ગુજરાતીમાં)
(૨) સુબોધ સંસ્કૃત ભાગ ૧ થી ૩
(અંગ્રેજીમાં)
(૩) સુબોધ સંસ્કૃત ભાગ ૧
(હિંદીમાં)
(૪) સુબોધ રામાયણ ભાગ ૧ અને ૨
(૫) સ્તવનમાલિકા ભાગ ૧
(૬) શિવમહિમ્નઃ સ્તોત્ર

ભારતીય વિદ્યા મંડળ * બાલાજી રોડ, સૂરત.

મુદ્રકઃ શ્રી 'શંકર' પ્રિન્ટિંગ પ્રેસ વતી, સુંદરરાવ શંકરરાવ નિકમ ચૌટાપુલ, સુરત